
અપર્ણા

લેખક :

શ્રી બંસીના

બીજાં નવાં પુસ્તકો :

*

જૈન શાસનના તારાઓ :

વર્તમાન જૈન સાધુ સમાજના પ્રસિદ્ધ આચાર્યો ને વિદ્વાન મુનિરાજોના તેજ છાયા આલેખતાં સાચાં રેખાચિત્રો : જરૂર વાંચજો !

આદર્શ શ્રાવિકા

સતી સુંદરી-આદર્શ શ્રાવિકા કેવી હોય તેનું એક મનોહર શબ્દચિત્ર : જરૂર વાંચજો !

હવે પછી પ્રગટ થશે !

આદર્શ જૈન

A Picture of An Ideal Jain or a Conqueror.

જૈન કે વિજેતાનું જીવન દર્શાવતુ એક રેખાચિત્ર.

અથવા

આવતી કાલનાં નિજરત્નો

જૈનો-વીરો ઘડનારૂં આજનું એક પ્રાણવાન પુસ્તક.

લેખક: શ્રી. બંસી

પ્રકાશક :
જૈન સસ્તું સાહિત્ય
પ્રચારક કાર્યાલય
(ગુજરાત) કલોલ

સુધારા વધારા સહિત

ત્રીજી આવૃત્તિ ઓગસ્ટ ૧૯૨૯

બીજી આવૃત્તિ નવેમ્બર ૧૯૨૮

પ્રથમ આવૃત્તિ એપ્રીલ ૧૯૨૮

કિંમત આઠ આના

મુદ્રણસ્થાન :
સાહિત્ય મુદ્રણાલય,
રાયખડ–અમદાવાદ
મુદ્રક :
ગજાનન વિ. પાઠક

ઉપહાર

શ્રી..ને

..................................ભેટ !

બીજી આવૃત્તિનાં
'આ મુ ખ' માં થી.

'આદર્શ જૈન' એટલે સાચા જૈનત્વનું મૂર્ત્ત સ્વરૂપ :

*

આજકાલ સમાજમા તુચ્છ માન્યતાઓ, વિતંડાવાદ અને ઉપલકીયા વાંચનનો ઢગલો થઇ ગયો છે, ને બીજી તરફ જીવનપ્રવાહ મલિન થઇ રહ્યો છે તેવી પરિસ્થિતિમાં ભાઇશ્રી બંસીની નવયુગ સર્જનવાળી પ્રતિભાશાળી કલમ બહાર આવી છે તે એક પ્રકારની સુંદર આશા આપે છે.

સાચા જૈનો ઉત્પન્ન કરવા માટેનો આદર્શ જૈન સમાજ સમક્ષ મૂકી ભાઇ બંસીએ તેમાં અનેક ગૂઢ પ્રશ્નો ચર્ચ્યા છે. પ્રત્યેક વાક્યમાં પદેપદે સ્વતંત્રતા, માલિકતા અને ભાવ–ભાષાનો બંધનમુક્ત પ્રવાહ આ લેખકનાં આત્માની નજીકની કોઇ કંદરામાંથી છલ! છલ! કરતો છૂટયો છે. જગત વારસાની સામગ્રી (જૈન ધર્મ)ને સંપ્રદાયના પટારામાંથી બહાર કાઢી છે. પ્રસ્તુત પુસ્તક અલ્પ સંખ્યાવાળા પાનાનું ગણી શકાય છતા તેમાં રહેલી જૈન આદર્શની સત્ય સૃષ્ટિ ઘણી વિશાળ છે. અનેક ગૂઢ રહસ્યોથી ભરપૂર છે. **ભાઇ બંસી** હજી ઉછરતા યુવક છે. ભવિષ્યનું નવયુગ–સર્જન સંસ્કારી યુવકો દ્વારાજ થવાનુ છે તે યુવાવસ્થામાં–નાની વયમાં એમનું ઉંડું નિરિક્ષણ અને સત્ય પર પ્રીતિ એટલાં ભવ્ય છે કે એ ભાઇ ભવિષ્યના સાહિત્ય–સર્જનમાં અગત્યનો હિસ્સો આપી શકશે એ નિર્વિવાદ છે: ફત્તેહચંદ ઝવેરચંદ શાહ. ભાવનગર

ભૂમિકા

એ ગૌરવશાળી જૈનધર્મની રોશનીમાં ચમકતા એક પ્રતાપી પુરુષ કહો કે ચેતનગંગાને કાંઠે શીતળ ઝૂંપડી બાંધી જીવનના ઝરામાં મસ્તપણે ખેલતા હસતા ને ચોગરદમ ચૈતન્ય વેરતા એક તેજસ્વી મહાવીર–આદર્શ જૈનનું આછું રેખાચિત્ર દોરવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

પુસ્તકનાં પૃષ્ઠો ઉઘાડી સૂક્ષ્મ દ્રષ્ટિએ ચિત્રના રંગો ઉકેલતાં સહજ સમજી શકાશે કે કેટલાંક અધકચરા જ્ઞાનીઓ (!) આજકાલ અજ્ઞાનવશ માને છે તેવો આ જૈનધર્મ કે તેનો અનુયાયી જૈન નથી જ, પરન્તુ સાચો જૈન અને તેનાં ધર્મનાં–જીવનનાં સિદ્ધાંતો અતિ ભવ્ય, અતિ ઉચ્ચ, દિવ્ય, તેજસ્વી ને પ્રતાપવંતા છે. અહિંસાના છત્ર નીચે છલછલતા જૈનના જીવનના અણુએ અણુમાં શક્તિ ને ચેતનનો થનથનાટ છે, ચૈતન્યનો એ વહેતો ઝરો છે. ભાવ અને ભાવનામાં, ક્ષેત્ર ને કાળમાં નિરંતર વહેતો ઝરો એજ જૈનની મસ્ત જીંદગી છે. કળા ને કૌશલ્યની ઝર-

ણીઓ ત્યાંથી ઝરે છે, શૌર્ય ને પ્રકાશનાં કિરણો ત્યાંથી ફૂટે છે, સાધુતા ને સમતાની શીતળ લહરીઓ ત્યાંથી સ્ફુરે છે. મધુરતા ને દિવ્યતાનાં વાયુ વાય છે, પવિત્રતા ને ભવ્યતાનો એ ભર્યો ભંડાર છે. ચેતન-ભરી શાંતિ ને વીર્યનો ત્યાં અમૃતસંગમ છે, યુદ્ધ —ખાનદાન Noble યુદ્ધ અને પરમ્ શાંતિનાં બ્યુગલો સજોડે ત્યાંથી સંભળાય છે. અહોનિશ નવનવા યુગનાં, નવનવી પળનાં નવીન પાણી પીઈને આગળ વધવું, આગળને આગળ પ્રયાણ કરવું એ જૈનનું આયુષ્ય છે; ને મુક્તિ......સ્વાતંત્ર્ય એજ જેનું ધ્યેય કે છેલ્લું વિરામસ્થાન છે, તેવા એક વીર પુરુષ...પછી તેને **આદર્શ જૈન** કહો કે આદર્શ પુરુષ કહો......તેની જીવનલીલાનો આ એક નાનકડો ઇતિહાસ છે.

આ ઇતિહાસનો નાયક કોઇ પંથ, વાદ, ગચ્છ, કે સંપ્રદાયની દિવાલોમાં ગોંધાનારો મનુષ્ય-ઘેટો નથી. પરંતુ જૈન એટલે જીતવું છે જેનો મંત્ર એજ જૈન! નિર્બલતાઓ પર ‘જય’ મેળવનારા એ મહાવીરને કૃષ્ણ જ જૈન હોય! એજ સાચો જૈન હોઇ શકે કે જેને જગતની ગમે તેવી પ્રચંડ શક્તિ ડરાવી શકે નહિ કે કોઇ પણ સર્વભક્ષી સત્તા પણ જેનાં દોડતાં વીર્યને ખાળી શકવા અસમર્થ નિવડે, તેવો પુરુષ ગમે તે જાતિ પાતિમાં જન્મ્યો હોય, ગમે તે દેશ કે પ્રાંતમાં એ અવતર્યો

હોય છતાં એ જૈન છે : **સાચો જૈન છે : જૈનને કો-જાતિ પાતિ સાથે લેવા–દેવા જ ન હોય!** એ કે.-એક જાતિ, પ્રાંત કે દેશનાં સંકુચિત પ્રદેશમાં વસનારી મીલ્કત નથી...પરંતુ એ તો સમસ્ત વિશ્વમાં–વિશાળ ભાવનાઓનાં રાજ્યમાં વસનારો જ્વલંત ધર્મ છે. જૈન એ કોઈ જાતિ નહિં પણ ધર્મ છે. એ ધર્મને છાંયે, કે એનાં સિદ્ધાંતને ઓછાયે ઉભા રહી જે સત્ત્વશાલી વ્યક્તિ વિશ્વમાં નવાજ પ્રભાવ, નવા ઓજસ, ને દિવ્યતાઓ સહિત **ચેતનભર્યું જીવન જીવે, ને જીવતાં શીખવે તે જૈન છે!** ગમે તે ક્ષેત્રમાં કે ગમે તે જાતિમાં એ જન્મ્યો હોય છતાં ત્હેની શક્તિ, સદ્ગુણો ને પ્રતિભાથીજ (ભલે તેણે ‘ જૈન ’ નો બાહ્લો ડોકે લગાવ્યો નહિં હશે તોય) તે જૈન કહેવાયઃ અસ્તુ.

આવા જૈનની ચારિત્ર એજ સાચી મુડી હોય, ચારિત્રમાં જ એ સાચી પ્રતિષ્ઠા માને, અને જ્યાં સુધી ત્હેનામાં ચારિત્રનું તેજ ઝળકે છે ત્યાં સુધી ત્હેનો નિજાનંદ આબાદ જ રહે છે. એનો દિવ્ય આનંદ ‘ ધન ’ અને લૌકિક ‘આબરૂ’ બન્નેથી પર છેઃ બન્ને પર વિજયશાલી છે. શાસ્ત્રોમાં તેમજ આ પુસ્તકમાં જ્યાં જ્યાં **जय** શબ્દ વાપર્યો છે ત્યાં ત્યાં તે બાહ્ય જગતમાંના **जय** ના અર્થમાં નહિ, પણ હૃદયની દુર્બલતાપર **जय** ના અર્થમાં વપરાયો છે. જેમકે **રાણો પ્રતાપ** બાહ્ય યુદ્ધમાં તો

જીત્યો નહોતો,–ઉલટું તેને નાસવું ભાગવું પડયું હતું અને વનવગડાઓમાં–જંગલોમાં ચીંથરેહાલ દશામાં રહેવું પડયું હતું. છતાં તે ' જૈન ' હતો. કારણ કે તેણે હૃદયના દૌર્બલ્ય પર **જય** મેળવ્યો હતો. જીંદગીની તુચ્છ સગવડો, જાહોજલાલી, લોકોમાં માનપાનઃ ઇત્યાદિ વસ્તુઓ તરફ પૂઠ કરી પોતાના ' ગૌરવ ' ને જ વળગી રહેવું.–હરકોઇ ભોગે પોતાના સ્વાભિમાન–સ્વગૌરવને લેશમાત્ર નિસ્તેજ ન કરતાં, મરતાં સુધી આત્મગૌરવને વળગી રહેવું એ જ સાચો **જય** છે, એ જ વીરતા છે, એ જ મરદાઇ છે, એજ ક્ષત્રીયવટ છે, એજ દૈવત્વ કે દિવ્યતા છે. અંતરની જીત, એજ સાચી જીત છે. બાકી કેવળ બાહ્ય જીતને પ્રશંસનારા મનુષ્યો માત્ર આત્મઘાતી બાળ–જીવો છેઃ 'પ્રમત્ત' આત્માઓ છે. અપ્રમત્ત આત્મા–' જૈન ' તો કદીય બાહ્ય પરાજય વખતે શિર ઝુકાવે નહિ, તેમ જ બાહ્ય જીત પ્રસંગે ફુલાય પણ નહિઃ બન્ને પ્રસંગે જૈન પોતાના ' નિજાનંદમાં ' ' સ્થિર ' રહે. ' ઝુકી જવું ' અને ' ફુલાવું ' એ બંને પ્રકારની 'કમજોરી'ઓ પર 'જય'મેળવવો એજ જૈનનું–અપ્રમત્તનું દિવ્ય લક્ષણ ! આ 'વિજિગીષા' કહો, કે આ અપ્રમત્તભાવ જીવનના ન્હાના–મ્હોટા દરેક પ્રસંગમાં –ખાનગી જીવનમાં તેમજ જાહેર જીવનમાં–ક્રિયા કરવા વખતે તેમ જ પ્રતિક્રિયા કરવા સમયે તેમજ વિચાર

કરવામાં પણ—આબાદ ચાલુ રાખવો એજ 'જૈન' નો 'અભ્યાસ' હોય—'પુરૂષાર્થ' હોય—'તપ' હોય ! એજ જૈનનું તેજસ્વી જીવન: અને એજ એ વિજેતાનું જ્વલંત જીવન છે! વિશેષ તો આ પુસ્તકની અંદરનાં પૃષ્ઠો કહેશે.

* * *

ઉપરોક્ત આશયથી લખાયલા આ નાનકડા પુસ્તકની ટુંક સમયમાં સુધારા વધારા સહિત પ્રગટ થતી આ **ત્રીજી આવૃત્તિ** આજે વાંચકોના હાથમાં ધરતાં મને અતિ આનંદ થાય છે. હર્ષ એટલા માટે કે જૈન સમાજે 'આદર્શ જૈન' ને એકી અવાજે સાદર વધાવી લઇ વર્તમાનકાળે પ્રગટ થતાં જૈન સાહિત્યમાં તેને ઉચ્ચ સ્થાન આપી નૂતન સમાજનાં સર્જનકાર્યમાં આવા સાહિત્યની ઉપયોગીતા સ્વીકારી અનેક સુવિચારકોને આ માર્ગે વિચાર કરવા પ્રેર્યા છે: જે મને પરિણામે મ્હારા કાર્યમાં અત્યંત પ્રોત્સાહન કર્તા નિવડ્યું છે.

એ પ્રોત્સાહનના પૂરમાં પોતાનાં અમુલ્ય સમયનો ભોગ આપી આ નવી આવૃત્તિમાં હૃદયનાં પૂર્ણ સ્નેહાળ—ભાવથી 'આમુખ' લખી આપનાર મુરબ્બી શ્રી દુર્લભજીભાઇ ત્રીભોવનદાસ ઝવેરીનો હું ઋણી છું, તથા જૈન સમાજનાં પ્રાય: દરેક ફીરકાના આચાર્યો, મુનિવરો તથા આગેવાન પુરૂષોએ, તેમજ પત્રકારોએ પણ મ્હારા આ

ન્હાના કાર્યને સપ્રેમ વધાવી લઈ મને જે નવું બળ આપ્યું છે તે માટે સૌનો આભાર માનવાની આ તક લઉં છું.

આશા છે કે આજનો જૈનસમાજ આ પુસ્તકના સ્થિર વાંચન, મનન ને સક્રિય ભાવ બળથી પોતાનાં વર્તમાન 'દૌર્બલ્ય'ની કાંચળી દૂર કરી જગતનાં તખ્તા પર ઔર તેજથી-પ્રકાશથી ઝળહળી ઉઠશે:

અને જૈન ધર્મને


વિશ્વવ્યાપી ધર્મ

બનાવશે! અસ્તુ: *

માઉન્ટ આબુ. }
૧૫—૭—૨૯ } —લેખક.

---

* આ પુસ્તકનું હિંદી ભાષાંતર પ્રગટ થઈ ચૂક્યું છે:



जैन-फिलोसफ़र श्रीयुत वाडीलाल मोतीलाल शाह, बम्बई

અર્પણ !

એ

વીર

વાડીલાલજીને !

જે પુરૂષનાં પ્રબળ વિચારોની વાડીમાંથી અનેક 'લાલો'-ના ગુલાબો ખીલ્યાં છે.

*

ચીં ચીં કરતી ચૌદ લાખ ચકલીઓની સૃષ્ટિમાં 'શક્તિ' અને 'જીવન' નો સંચાર કરાવવા જીંદગીના સુંદરમા સુંદર વર્ષો જેણે નિઃસ્વાર્થભાવે સેવામાં હોમ્યા છે :

*

વર્તમાન જૈનસમાજનાં ખૂણે-ખૂણામાં ડેરા નાંખી પડેલી નિર્બળતા, કાયરતા, ભીરૂતા, પામરતા, અને સંકુચિતતા સામે સૂસવાટા કરતી લાલચોળ આગ જેના અંતરમાંથી વહી કેટલાંયના જીવનમાં અદ્રશ્ય રીતે પ્રાણ પૂરી શકી છે.

*

જૈન તત્ત્વજ્ઞાન અને 'ધર્મ'ને વાયદો બનાવી, અહિંસાને અભડાવી સમાજનાં 'દૈવત' ને નીચોવી રહેલાં અધકચરા ઉપદેશકો વક્તાઓ, લેખકો ને 'સમકિત'-

ના ખાં-ખંતરદારો સામે જોગે બેહદ નિડરતાપૂર્વક અવિરત ઉત્સાહે પોતાની જીંદગીનું યુદ્ધ-મોશન ૨૫, ૨૫ વર્ષો સુધી સતત્ ચાલુ રાખી 'મ્હારો સમાજ ક્યારે પ્રાણવાન, —ચેતનવંતો બને અને મ્હારો ધર્મ તેની પ્રાચીન દિવ્યતાથી ક્યારે ઝળહળી ઉઠે ?' ની લગનીમાં તન, મન અને ધનનો ભોગ આપતાં આપતાં અનેક રાત્રિનાં અખંડ ઉજાગરાઓ જેણે વેઠેલાં છે...........

એ,

આ શુષ્ક સમાજમાં

અકસ્માતે ઉતરી પડેલા

વિજળીનાં ચમકારા કરતાં

વીર વાડીલાલ

કે

જેનાં ધગધગતા વિચારોના પ્રચંડ મોજાંઓ નીચે બાળકના જેવી સરળ દિલની-પાતાળ કેરીને અડતી એક પવિત્ર સુકુમારતાની ગુપ્ત-ગંગા વહે છે.

તે

'નગ્ન સત્ય' ના પૂજારી

અને Neo Jainsm નવસર્જનના સ્વપ્નદ્રષ્ટા

શ્રી. વા. મો. શાહના

ધબકતા

લોહીને

સપ્રેમ

સમર્પણ !

—બંસી.

આમુખ

નવયુગના જૈન સાહિત્ય-મંદિરે ગૌરવભરી ચાલે અનેકનાં આશીર્વાદ સાથે પ્રવેશ કરતું, સાચા તેજસ્વી જૈન અને ઉજ્વલ ' જૈનત્વ ' ની રોશનીનાં પ્રતિનિધિ સ્વરૂપ આ ચૈતન્યભર્યું ' **આદર્શ જૈન** ' પુસ્તક વાંચી કયા જૈનના અંતરમાં આશાના અમી નહિ ઉભરાય? નિરાશ હૈયાની એ પ્રબળ આશા છે. આંસુભર્યાં દિલમાં આનંદના ઉભરા લાવનાર એ ચેતનશક્તિ છે. પ્રાયઃ ભુલાઈ ગયેલા અને કાંઈક અભ્યાસ વિના અવળી રીતે સમજાયલા ' જૈનધર્મ ' ને ખરી રીતે સમજવાની આ એક સાચી ચાવી છે. સાચા ને બહાદુર જૈનો ઘડનારી આ અદ્દ્ભુત એરણ છે. અહો ! દિન પ્રતિદિન કંગાળ અને માંવકાંકલા બની રહેલા જૈનોને જાગૃત કરી ' જીવન ' ના પાણી પાઇને જીવાડનાર એ મહા સંજીવની છે. ' **આદર્શ જૈન** ' એ ખરેખર બંસીના નાદોથી રણકી રહેલી એક અમૃત-ઝાલર છે.

આજનાં જૈનો એ ઝાલરને સાંભળીને સમજતા શીખે, અને તેનાં સૂરોની શક્તિને પોતાના અંતરમાં પધરાવી શક્તિને પોતાનું કામ કરવા દે તો આવતી

કાલનો આપણો દિવસ ધન્ય છે; આવતી કાલનો જૈન–ફ્રાલ સૌરભભર્યો ઉતરે, આવતી કાલનો જૈન ધર્મ અનેક પ્રકારનાં તેજોથી ઝળહળી ઉઠે, અને જગતમાં 'જૈન ધર્મ' ની પુનઃ ઘરે ઘરે પ્રતિષ્ઠા થાય; એ દિન ક્યારે ... ... પ્રભુ ... ... કે જૈનો ... ... **આવા આદર્શ જૈનો બને** ? કે એનાં સૂરો સાંભળીને 'આદર્શ જૈન' બનવા તલપે ?

ખળખળ વહેતી કોઇ સરિતાના એકાંત કાંઠે, વસ્તીના વિષમય વાતાવરણથી વેગળા, પ્રાતઃકાલની પવિત્ર પવન લહરીઓ વચ્ચે પ્રકૃતિએ પ્રેમપૂર્વક પાથરેલા હરિયાળા ગાલીચા પર ઉભા રહી મસ્ત ચહેરે મનમોહક મોરલી બજાવતા એ કૃષ્ણચંદ્ર–મુરલીધરનાં દર્શન, ઓ વાંચનાર ! ત્હમે કર્યાં છે ? એ મોરલીમાં કોણ કોણ મુગ્ધ નથી બન્યું ? પોઢેલા ચૈતન્યને ચેતવતા એ સૂરો આગળ કોણ કોણ નાચ્યું નહિ હોય ? એ 'મીઠો નાદ' કેટકેટલી ગોપગોપીઓ, મૃગલા ને સર્પો, પ્રાણીઓ, વૃક્ષો ને ઝાડો, જળ ને જમીનને ડોલાવી રહ્યાં હશે ! એ અપૂર્વ અવસરોનાં લ્હાવા લેવા હું ભાગ્યશાળી થયો નથી, એ કૃષ્ણની મનમોહક મુરલીનાં સૂરો સાંભળવા કે એ મધુરાં દશ્યો નજરે નિહાળવા બાવો બન્યો હોત તો આપણાં '**બંસી**' ના એકી અવાજે

આદર પામેલા આ 'આદર્શ જૈન'ના સુરવરોથી મસ્ત બનતા બાવાઓ અને બાવાઓના ભક્તો પર થતી અસર હું આબેહુબ સમજાવી શકત !

એ સંગીતનાં મધુર આલાપો ઝીલનારા આજે શુદ્ધ કાનો ય ક્યાં છે? વસંતને જીવનમાં પધરાવનારા જૈનો–મનુષ્યો ક્યાં છે? આજે તો સર્વત્ર પાનખર રૂતુનાં પૂજન ચાલે છે. લીલવણી બળી જતાં સુક-વણીની આરાધના મંડાણી છે. રસનાં સાગરો સૂકાઇ જતાં અધ્યાત્મને નામે અરસિકતાનાં ખારા જલ પીવાય છે; જીવન મ્હાણવાની 'કળા' ય આજે લુપ્ત થઇ છે. જીવન જીવવાની પરવા ય ઓછી થઇ છે. મરવાને વાંકે જેમ તેમ જીવી નાખવાની મહેર-બાની જ માત્ર આજ તખ્તેનશીન છે! તેવા સમયે ભાઈ બંસી ... ...પોતાના મધુર સૂરથી સંભળાવે છે: વાડાઓ—સંપ્રદાયોના વાડામાં પુરાયલા પાડાઓની પીઠ પર ચાબુક લગાવી આવી ભાવસૂચક તીણી ચેતવણી આપે છે કે:—

'પીંજરામાં પૂરાયલા પરવશ પંખીઓ,
પાંખોની શક્તિ ગુમાવશો તો શા હાલ થશે?
જૈનો વનરાજ હોય તો તેને બંધન શા?
બંધન તો 'ઘેટાં' ઓને—જંજીરો તો
ગુલામોને હોય!'

* * *

પ્રભાતીયાની નોબતોનાં નગારાં ગડગડી ગયાં છતાં ગુલાબી નિદ્રામાં આળોટતા અનેક પ્રમાદીઓને 'બંસી' નાં નાદે 'આદર્શ'ના તરફ દોડતાં કર્યાં છે, કે જાગો! જાગો! જૈનો! જાગો!!

બંસીના સૂરો એક પછી એક વિચારપૂર્વક સાંભળવા જેવાં છેઃ—'**જૈનોનું જીવન એક લાંબી લડાઇ જેવું છે**' આ શબ્દ શું પાઠ આપે છે? એ જ કે લડાઇથી ભડકતા આજનાં જૈનોએ હજુ બહુ જાણવાનું રહે છે કે **લડાઈ ને જૈન ભિન્ન નથી; જીવન ને જૈન જુદાં નથી.** તેમજ લડાઇ ને જીવન એક જ સ્વરૂપ છે. તેથી જૈન અને લડાઈ; Struggle & Jaintwa બન્ને સાથે જ વિચરનારા સહચારીઓ છે. આ દર્શાવી પ્રગતિનાં પંથે પડેલા પ્રવાસીઓનો સાથ શોધી આપી 'બંસી' ની કલમ સાચું 'જૈન–જીવન' જીવવાનાં અમૂલ્ય પાઠો પઢાવી, સંગઠ્ઠન–સંગ્રામ માટે સૌને '**તંદુરસ્ત યોદ્ધાની તાજગી**' બક્ષી ખાસ કરી યુવાનોને ઉશ્કેરે છે— જીવનનાં નૂર ઝળકાવવા નવયુવકોને અનેકવિધ તે પ્રેરણા કરે છે!

આવા આવા અનેક મનહર દશ્યો આ પુસ્તકમાંથી જોવા હું તો ભાગ્યશાળી થયો છું. ભાઈ 'બંસી'– એ દુર્લભ મનાતું તેને સુલભ કરી સમજાવ્યું છે, શુન્ય–હૃદયી શુષ્ક મનુષ્યોમાં પણ ભવ્ય ભાવનાઓનાં ઉછાળા લેવરાવ્યા છેઃ એ કહે છેઃ—

અખૂટ શ્રદ્ધા અને અનંત ધૈર્યથી,
સ્હાનુભૂતિ ને વિશાળ દૃષ્ટિથી
જગત પર હું પગલાં પાડીશ :

નિરાશાના નિશ્વાસોથી નાસીપાસ થયેલા મનુષ્યોમાં 'આદર્શ' ની 'માત્રાઓ' થી જીવનમાં નવું જોશ આપ્યું છે; વળી:—

હું હસીશ, જગતને હસાવીશ,
હસાવી સૌને આરામ આપીશ,
આત્માની પ્રસન્નતા ચીરકાળ ખીલતી રાખી
એ શીતલતાને આરે સૌને વિશ્રામ આપીશ.

કુટુંબ કિચ્ચડમાં ખૂંચી ગયેલાઓને 'બંસી' ના સૂરોએ અદ્દ્ભુત જાદુથી જાગૃત કર્યા છે. અને બચાવ્યા છે, શાન આણી છે. સમજાવ્યા છે કે:—

જૈન સંસારી છતાં
અસંસારી જેવો રહી શકે છે,
અસંસારી થઇને ય
સંસારીનાં સુંદર તત્વો સમજે છે,
અને સંસારમાં એ સ્વર્ગ સર્જી શકે છે:

ઉપરાંત લેખકે પોતાની લાક્ષણિક શૈલી અને પ્રાણવાન ભાષામાં અનેક પ્રકારનાં નવનવિન વિચારોનાં તણખા વેરી, શૌર્યભર્યા સુરોથી 'દયા'—અને

'અહિંસા' ને નામે ઘર કરી બેઠેલી 'ડરપોકતા' ને દૂર કરવા સૂચવ્યું છે. લેખકે ખરેખર આ યુગનાં અનુકૂળ અવાજે, યુગધર્મને લક્ષમાં રાખી, જૈનત્વનું સાચું નૂર શેમાં છે તેનો અભ્યાસ કરી આ 'મુડદાલ' સમાજમાં ચૈતન્ય પ્રગટાવવા પગલાં ભર્યાં છે, પ્રાપ્ત પ્રસંગને પીઇ જઇ-જીરવી લઈ સુખદુઃખમાં મનની સમતોલ-વૃત્તિ સાચવવાનાં આદર્શો સીંચી 'પોચા વણીકો' ને પુરૂષસિંહ બનવા પ્રેર્યા છે.

આત્માને પરમાત્મ પદ પર સ્થાપવાનો-બનાવવાનો વીર બોધપાઠ પદે પદે આપ્યો છે-હવે કેટલાં ભાગ્યશાળી જૈનો આ સુર સાંભળશે ?

* * *

જૈન ધર્મ એ તો સારાય વિશ્વની મિલ્કત છે. કોઇ સંપ્રદાય કે ટોળાંની-ગચ્છની નહિ ! જે કોઇ વીર-'જૈનત્વ'ને વરે તે જ જૈન...એવું વિશાળ સુચન કરતાં આ પુસ્તકની દરેક દરેક લીટી, આ કટોકટીનાં મામલામાં સાંપ્રદાયિક કુપમંડૂક ને ઝેરી પ્રવૃત્તિઓ થંભાવીને સૌ કોઇએ-જૈનોએ મનન કરવા જેવી છે.

આ પુસ્તકમાં, આશા પ્રેરતા યુવાન લેખકે પદે પદે જૈનત્વને 'વીરતા' માં પરિણમાવી જૈન જાતિને તેની પૂરાણી રાજપૂતિનું કળાપૂર્વક ભાન કરાવ્યું છે, અને 'ક્રાન્તિ' નાં કાળે ઘરમાં ભરાઇ રહીને રક્ષણ

શોધવાને બદલે, 'મનુષ્યત્વ' કે 'જૈનત્વ' ને ભક્ષણ કરી રહેલાં સામાજિક કટુ બંધનો અને સડેલી રૂઢીઓને નિર્મૂળ કરવા બળ પ્રેર્યું છે. તથા **गुणाः पूजा स्थानम् न च लिंगम् न च वयः** એ કિંવદંતી સાક્ષાત સાબીત કરી બતાવી છે.

અંતમાં ઉત્સાહી લેખક ભાઇ 'બંસી'નાં સુસ્વરો સમાજના કાને પડે અને વર્તમાન સમાજ સાંભળીને એ સૂરો હૃદયના તાર સાથે મિલાવે! એ ભાવના સાથે લેખકનાં સફળ પ્રયાસ માટે અંતઃકરણપૂર્વક અભિનંદન આપું છું.

જેપૂર
અસાડ સુદી ૨ } દુર્લભજી ત્રી. ઝવેરી.

વાંચનારને!

સુભાગ્યશાળી આત્મસ્વરૂપ!

આ પુસ્તકને 'ગમે તેમ' જલ્દી જલ્દી
વાંચીને પૂરૂં ન કરશો: પરંતુ પુસ્તકના
ભાવો, ભાવનાઓ ને વિચારો બારિકા-
ઇથી સમજવા પ્રયત્ન કરશો જ,
એમ લેખક ચાહે છે: બની શકે
તેટલી ખૂબ શાંતિ ને ધીરજ
પૂર્વક પુસ્તકનું હૃદય પારખવા
કાળજી રાખશો: રે! આપ
મનનપૂર્વક વાંચજો: આટલું
કરશો તોય પોતાની
પર આપનો ઓછો
ઉપકાર નહિ
થાય....!

ॐ अर्हम्

આદર્શ જૈન

શાંતિ ! શાંતિ !

સકળ વિશ્વની શાંતિના ચાહક,
અય ચેતનભરી શાંતિના શાણા દૂત !
પ્રભાતના ખીલતા કમળ,
જીવનપ્રતિભાના પૂજારીઓની
ભક્તિના ઓ અધિકારી પુરૂષ !
નવજીવનનું મધુર ગાન લલકારનાર
પ્યારા સનાતન સંગીતશાસ્ત્રી !
સ્વાગતમ્ ! સ્વાગતમ્ !

* * *

ક્ષાત્રધર્મની ગરવી ગીતા સુણાવનાર,
દિલદિલમાં દીપક ચેતાવનાર,
આનંદની લ્હેરો સ્ફુરાવનાર,
અજ્ઞાન નિદ્રામાંથી જગાડનારી
એ પ્રેમળ જ્યોત !

* * *

વીરયુગના પ્રધાન પુરૂષ–
મેરૂને ડોલાવનાર મહાવીરના સુપુત્ર !
મોક્ષમાર્ગના પ્રવાસી
પવિત્ર ને મોહક પ્રતાપવંતા પુરૂષ !

* * *

ભીરૂ ને નિર્બળ બનેલા
આળા ને ઠીંગણા થયેલા .
નિસ્તેજ ને બડબડાટભર્યા
સમાજ, રાષ્ટ્ર ને વિશ્વમાં
નવચેતનની, નવઆદર્શની ગંગા વહેવડાવનાર
અય ! બખ્તર સજીને નિકળેલા
અલમસ્ત બહાદુર યોદ્ધા ! જૈન :

* * *

એ મધુરતાની મીઠી મૂર્તિ,
માનવતાના આદર્શ પ્રતિનિધિ,
જૈન સંસ્કૃતિના શ્રેષ્ઠ તત્વોનો સમુચ્ચય
ભાગ્યશાળી નરોત્તમ !

* * *

જીવનનાં આકરા આદર્શો
સેવનારા એ જબરા ઉપાસક !
ઉગ્ર તપશ્ચર્યા ને યાતનાઓ
વેઠનારા કાળજૂના યોગેશ્વર :
સ્વગૌરવની પરમ જ્યોતિ,
ચેતનવંત શિખાઓથી જ્વલંત
સ્વાતંત્ર્યની સાક્ષાત્ મૂર્તિ,
એ દુનિયાના દિલારામ !

* * *

નિજાનંદમાં મસ્ત એ ગુલાબ !
સિંહદુગ્ધને જીરવનાર કનકપાત્ર,
ફૂંફાડા મારતા વિષધરોને
શાંત કરનાર અય બાહોશ જાદુગર !

* * *

'જયશક્તિ' નાં પ્રચંડ સૂસવાટથી
Wall-દિવાલોને તોડતી હવા !
સાહચર્યબાગના ચતુર માળી,
વિશ્વધર્મોનું પવિત્ર મંદિર.

* * *

નવપ્રભાત શા શાંત ને મોહભર્યો
તાજા ખુશનુમા એ પુષ્પ,
ચારિત્રની મોહકતા પાથરનાર
વાસનાને જીતવા નિકળેલા શૂરા સૈનિક !
સંકટોને વીંધી દોડનારા
અનંત બળના ધણી-
સિદ્ધશીલાના એ ઉમેદવાર,
પ્રસન્ન ચ્હેરાનાં તેજસ્વી વીરઃ આદર્શ જૈન !

* * *

સબુર કર !
જરા શાંતિ ધર !
શાંતિ ! વીરા શાંતિ ! જરા થોભી જા !
તારી યશગાથા ગાવા દે !
આ પ્રતાપી ને પ્રેરણાદાયી 'જય'યુક્ત
જીવનમાંથી તેજ સૌને પીવા દે !

સૃષ્ટિનાં હૃદયમાં
નવો પ્રાણ ફૂંકાવા દે !
જીવનખંડેરોમાં પડેલાંઓને
સાચા જીવનની કળા શીખવા દે ! ખીલવવા દે !
અજ્ઞાનસાગરમાં ડુબતાં જનોને
તરતી નૌકા પર ચડવા દે !
જીવનનાં ઉન્નત પગથાર પર
ચડતાં યાત્રિકોનું યાત્રાધામ શોધવા દે !
તારી અલૌકિક શાંતિમાં
જીવનનો બધો થાક ઉતરવા દે !
કળાવિહીન કંગાળોને
જીવનકળાથી સમૃદ્ધ થવા દે !
એ ખીલતા પ્રભાતનાં રંગોથી
રાત્રિના અંધારા ઉલેચવા દે !
સંસ્કૃતિ (Culture) નાં રૂંધાતા માર્ગને
અનંતશક્તિથી સાફ કરવા દે !
માનવતાનાં દિવ્ય આર્ષદર્શન
પ્રત્યક્ષ કરવા ઝંખનારને સંતોષવા દે !
શૂરવીરોનાં ક્ષાત્રતેજ સાથે
અહિંસાનાં અમૃતસંગમ જોવા દે !

'અધ્યાત્મ'ની ઠગારી છાયાને સ્થાને
સાચા સંયમ ને ચેતનના તણખા ઝરવા દે!
વિશ્વનાં ક્ષુદ્ર મોહ ને વિખવાદો બદલે
સુધાનું સિંચન બસ! થવા દે! થવા દે!

* * *

સબુર કર, વીરા!
સબુર કર જરા!
દુનિયાની તું અમર આશા છે:
ઉભો રહે! વીર, હું તને દોરી લઉં?
હૃદયના કાચ પર આસ્તેથી ઉતારી લઉં.
હા....હા....ઉતારૂં છું....પણ....
પણ, આ તેજ ને પવિત્રતા આગળ
કલમનાં ગર્વ ગળી જાય છે:
પવિત્રતાના હીમાળા પાસે
વિચારોનાં પુદ્ગલ ઠરી જાય છે:
પ્રિય પુરૂષ! આદર્શ વીર! સાચા જૈન:
તારા પવિત્ર ઉરમાંથી—
હૃદયના પવિત્ર કોણમાંથી
આ પીંછીને–કલમને ય
યશના આશીર્વાદ આપ! વીરા!

* * *

આ અનંતની મુસાફરીએ નીકળેલા
ફાળ ભરતાં કેસરી સ્વાર ! સબૂરી પકડ !
આ કેસરીની કેશવાળી
જરા ઢીલી પકડ !
તારૂં આ રમ્ય ને મનહર
ચિત્ર મને ચિતરવા દે ! ચિતરવા દે :
ચીતારાની બુદ્ધિને થાક ચડે,
ને અદ્ધવચ્ચેથી પીંછી પાછી ફરે છે.
પણ અહાહા ! પીંછીને અનંતકાળની
ક્ષુધાને અંતેજ આવું એકાદ સુંદર મિશ્રણ મળે છે,
કેમ છોડાય ?
વીર ! તેજસ્વી વીર !
ચિતરવા દે, તારા સ્વરૂપને: આ આદર્શ જૈન !

* * *

દુનિયા સાંભળજે !
જૈનનું લોહી અદ્દભૂત છે.
સાચા જૈનનું સ્વરૂપ અદ્દભૂત છે:

* * *

શક્તિમેયાનું મંદિર તે ‘જૈન’ છે.
જયશાળી તત્વની ગુફા
તે ‘જૈન ધર્મ’ છે.
‘જૈન’ નામ ભૂલો,
જૈન ‘વસ્તુ’ સમજો,
જીતવાનો જેનો જીવન-મંત્ર તે જૈન.

* * *

જૈન એટલે અજેય,
વિજયીનો વિજયી:
સર્વ કાંઈને જીતવાની પ્રકૃતિવાળો.
જયને શોધવા ‘સતત’ મથનારો
તે સાચો ‘જૈન’.
નિર્જીવ સૃષ્ટિની કોઇ સજીવ મૂર્તિ,
સ્વાધીનતાની ભાવનાનો અખંડ પૂજારી,
કર્મયોગનો ઝુંડો ફરકાવનાર
તે સાચો જૈન: આદર્શ જૈન!

* * *

‘જૈનત્વ’ એટલે ‘આત્મા’:
અને આત્માજ બહુમૂલી હીરો છે.

જે હીરો સર્વ કાંઇને છેદે છે પણ
કશાથી છેદાતો નથી,
સર્વ કાંઇને જીતે છે પણ
કશાથી ય જીતાતો નથી;
એ ચૈતન્ય કહો કે જૈનત્વ
સર્વ પ્રદેશે જીતનાં ડંકા બજાવે છે.
ચેતનથી ધબકી રહેલો સાચો જૈન
સર્વત્ર ચૈતન્યની સરિતા વહાવે છે.
ચેતન એનું સ્વરૂપ, ને
ચૈતન્યભરી દૃષ્ટિ છે જેની તે 'જૈન.'

* * *

એ 'જૈન' કોઇ જાતિ–પાતિ નથી.
કે કોઈ ટોળાંનો ' રીઝર્વડ ડ્રેસ ' નથી
પરંતુ ' જૈન ' એક સુંદર ધર્મ છેઃ
જીવનકળા–સૂચક એ ભાવના છે.
જીવનબાગ ખીલવનારી એ ફળદ્રૂપ ભૂમિકા છેઃ
તેથી ' જૈનત્વ ' ને ખીલવે તે જૈન,
આત્મવિકાસ સાધવા મથે તેજ સાચો જૈન.
એ કોઇ ' અમુક ' ટોળાની વ્યક્તિ નહિં
પણ દિવ્યતાના ગગનચુંબી શિખરોપર
'ચડવા દોડનારી શક્તિ' તે છે જૈન !

* * *

'જૈન' શબ્દ, સમુહસૂચક નહિં
પણ ભાવસૂચક 'શક્તિ' છે.
Life જીવનસૂચક એ ભાવના છે.
આત્મા જેમ જેમ કસાય
તેમ તેમ શક્તિનાં સૂસવાટા છૂટે છે
ને સિદ્ધિઓ વરે છે તે જૈનઃ

* * *

આદર્શ જૈન : એ અમોલો હીરો :

સ્વપ્રકાશ ને શક્તિનું સરોવર છે.
મનુષ્ય એ (આત્મા) હીરાનું 'ઘર' છે.
પણ ઠેર ઠેર ઘર એ જેલ બન્યું છે;
જેલને પુનઃ હીરાનું ઘર બનાવે
તેજ આદર્શ જૈન !
અને જે વિધિ (Procecs)થી બનાવે
તે વિધિ સે જન ધર્મઃ
સામાન્ય જનતામાંથી
ઉંચ્ચ સંસ્કારવાળા 'દેવ' કે વિજેતા
ઘડનાર વિધિ (Process) તેજ જન ધર્મ.
જ્યાં જ્યાં 'ઘડતર' ક્રિયા ને ઘડતરકળા

ત્યાં ત્યાં જ વસે છે સાચું જૈનત્વ !
જ્યાં જ્યાં નિરંતર પ્રગતિ–(Progress)
ત્યાં ત્યાં જ સાચો જૈન ધર્મ.
જ્યાં જ્યાં જીવનમાં નિત્ય નવા ઝરણાં વહે
ત્યાં ત્યાં જ વસે છે ખરૂં જૈનત્વ :

* * *

પૃથ્વી પરનાં સામાન્ય જન કરતાં
જેનાં બે ખાસ લક્ષણો તરે,
માત્ર બે માત્રા ૈની વિશેષતાઃ—
તે જ્ઞાન અને ક્રિયાની બે પાંખો,
જેણે ' ઉડવા ' ના માર્ગે સજી છે તે જૈનઃ
જ્ઞાન-શક્તિ જેની જાગૃત હોય,
ને ક્રિયા–શક્તિ સતેજ હોય,
' આંતર દૃષ્ટિ ' સાથે સહાય જે
' વિજય ' ના માર્ગે આગળ વહતો હોય
તેજ આદર્શ જૈન ! સાચો વીર :
એવા જૈનોને ઘડનારી, વિધિ (Process)
તે જૈન ધર્મ.
અને તે વિધિની પ્રમાણિક નોંધ તે જૈનશાસ્ત્રઃ

જીવનકલાનાં શાસ્ત્રો તેજ જૈનશાસ્ત્ર;
આંતરવિકાસનાં ક્રમસૂચક
ઈતિહાસનું આલેખન તેજ ધર્મશાસ્ત્ર.
તે વિધિ, તે પદ્ધતિ–
બુદ્ધિ અને લાગણીને
તીવ્ર અને નિર્મળ કરવામાં કુશળ જે પદ્ધતિ
તેજ 'જૈન ધર્મ' !
જીવનને દિવ્ય ને કલેશમુક્ત
કરવામાં સીધી રીતે સહાયક બને તે જૈન ધર્મ.
Wants જરૂરીયાતો પર
જય મેળવવાનું શીખવનાર તેજ પરમ જૈન ધર્મ.
એ વિધિને–મનુષ્યત્વને ઘડનારી
વિધિને સમજવાની,
અને એ વિધિને અનુસરવાની
આતુરતા ને શક્તિ
જ્યાં જ્યાં ઉછાળા મારે છે તે સર્વનો
સરવાળો તેજ ગૌરવવંતો જૈન સંઘ !

* * *

જૈનસંઘનું અસ્તિત્વ માત્ર ભાવનામાં હોય,
સ્થૂળમાં નહિ, 'જયપિપાસા'નો મેળો તે જૈનસંઘ !

સમાન ગુણશક્તિઓ ધરાવતાં મનુષ્યો વચ્ચે
સ્વાભાવિક ઐક્ય તે જૈન સંઘ.
સરખા પોષાક, સરખા શબ્દો
સરખા ક્રિયાકાંડ ને સરખી રહેણી કરણી
કોઈ જૈન સંઘ 'રચે' નહિ—
સમાન 'વિજીગીષા'* જ
રચે છે જૈન સંઘ !

* * *

નૂતન માનવસૃષ્ટિ ઘડવાની
તમન્ના હોય પ્રત્યેક જૈન સંઘમાં !
જીર્ણ ને સડેલી
રોગીષ્ટ ને નબળી
સર્વ ચીજોનો નાશ કરી
જન્માવે તેમાંથી દિવ્ય તેજસ્વી સ્વરૂપ
તેજ આદર્શ જૈનઃ
નવો પ્રકાશ ને નવી શક્તિની
પ્રત્યેક પળે જે શોધ કરે,
તેજ આદર્શ જૈન !
'જૈનત્વ' જેને વર્યું છે તે 'જૈન' !

* * *

* જયપિપાસા.

'જૈન' ને કોઈ જાતિનું બંધન નથી,
પ્રકૃતિજ જૈન 'ઘડી' શકે છે.
કો દેશ, પંથ કે જાતિનો
કોઈપણ જયવંત બહાદૂર પુરૂષ તે 'જૈન'!

* * *

(આત્મ) આઝાદીનો મંત્ર ફૂંકનાર
પ્રત્યેક માનવી છે 'જૈન',
પરતંત્રતાની બેડીઓમાં રમનારો
પ્રત્યેક 'પ્રાણી' છે અજૈન:

* * *

એકાન્તમાં યોગ કરનારા
યોગીઓ દુનિયામાં બહુ યે છે:
પણ સમુદાય વચ્ચે ખેલતા રહી
'સામાયિક' કરનાર એક જ વીર 'જૈન' છે:

* * *

ક્ષત્રિય વંશનો એ પુરૂષસિંહ છે:
શૂરવીરતા નીચે સાધુતા ટપકે છે:
મગજમાં ઠંડી છે, હાથમાં ગરમી છે,

ભયંકર યુદ્ધોની વચ્ચે પણ
Cold headed શાંત ચિત્તનો એ સૈનિક છે :
કોઇ ટોળાં કે પંથનો ઘેટો નહિં,
'વાડાવાડી' નાં પીંજરનું પંખી નહિં,
એ તો વનરાજ છે ખુલ્લાં વનોનો !
જેલની દિવાલો તો
'ઘેટાં' માટે જ મુબારક હો !
વનરાજને બંધન શા ? વીર્યશાળીને દિવાલો શી ?
સિંહણસુતને તો જન્મથી સ્વતંત્રતા જ
વરેલી હોય !
સ્વાધીનોને જંજીરો શી ?
શ્વેતાંબર, દીગંબર ને સ્થાન૦ ના લેબલો શા ?
નિર્બળતાનું સંતાન-'ગુલામી' માંથી જ
'વાડાવાડી' ઓની બેડીઓ ઘડાય છે.
એને તોડવી એ જ 'જૈન' નું કાર્ય.
ઉછળતા ચૈતન્યને કઇ દિવાલો ખાળી શકે ?
તેથી Wall ને તોડી Hall રચવો તેજ તેનું કાર્ય !

* * *

જૈનની જીંદગીનું લક્ષ્ય

'જીતવું' 'જીતવું'-વિજીગીષા* છે.

* will to conquer.

લક્ષ્ય સાધના કાજે
ઈચ્છાશક્તિને* સહાય તે ખીલવે છે.
દુનિયાની એક જ એ રાણી છે–
Ruling Power—
Will–to–power.
પ્રબળ ઈચ્છાશક્તિજ
યોદ્ધાનું એક મજબુત શસ્ત્ર છે.
વિજેતાની એજ સાચી સહચરી છે :
તેથી જૈન પળે પળે 'ઈચ્છા'ને મજબૂત કરે છે:
દુનિયા એનું એક સંગ્રામસ્થાન છે.
તેની ઇચ્છાશક્તિનું ક્રિડાસ્થાન છે
લડાઇમાં જીતતાં જીતતાં
એક પછી એક ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરી
એજ લડાઇનું લક્ષ્યકોણ છે.

* * *

જીંદગીને વર્ષોથી નહિં, પણ
'જય' નાં પગથીયા પરથી 'જૈન' માપે છે.
પહેલા 'પોતાને' જીતે છે,
પછી જગત પર દૃષ્ટિ ફેંકે છે.

---

* will

જનની પ્રકૃતિમાંથી
આનંદ, શક્તિ ને પ્રેમમાંથી
સર્વે ' શાસ્ત્રો ' જગતમાં જન્મે છેઃ
દુનિયા, યુદ્ધ ને જીંદગી
ત્રણે તેનાં એક સ્વરૂપ છે,
આનંદઘનજી યોગીનાં
મસ્ત અમીરસ ઝરણું
ઝીલનારી એ જ ભૂમિકા છે.
સંગમદેવનાં ઉપસર્ગો
સહનારો એજ ' માટી ' છે.

*　　*　　*

જૈનનું ' હું ' વ્યક્તિમાં નહિં,
સમષ્ટિમાં જઇ સમાય છે.
દુનિયાના સર્વ જીવો
એનાં પ્રિય આત્મસ્વરૂપો છે !
જૈન, પહાડના શિખર જેવો છે.
સપાટીથી ઉંચે વસે, ને
લૌકિક વ્યવહારથી દૂર ' ઉડે ' છે.
દુનિયા કોઇક વાર

એનાથી ખૂબ જ ભડકે છે:—
કારણ, ભડકવું એ દુનિયાનો સ્વભાવ છે.
અને લૌકિક ધર્મ કરતાં
જૈનને-આદર્શ જૈનને-પ્રતાપી પુરૂષને
Truth 'લોકોત્તર' ધર્મમાં વધુ શ્રદ્ધા છે:

*　　*　　*

જૈન:—

વીરોનાં લોહીમાંથી
ઘડાયેલું એ બદન છે.
શત્રુનાં બાણોને શરમાવનારૂં
એનું અદ્ભુત હૃદય છે:
દુનિયાના ઉંચા, ખાનદાન
વીરતા ને સાધુતાભર્યો
આધ્યાત્મિક જીવનોનો એ સમુદ્ર છે.
'ડર' એના 'અમર્યાદ' દુર્ગની બહાર પડયો છે.
'સંશય' એના પગ તળે નિરાંતે સૂતો છે.
આરામ તેના જીવનકોષમાં નથી.

*　　*　　*

એ સાચો જૈન—આદર્શ જૈન છે

જેના મુખડા પર
ચંદ્રની ઘેરી શીતળતા હોય!
સૂર્યના જેવા તેજસ્વી ઝગમગાટ હોય!
મસ્તકની આસપાસ
ઝળહળતી તેજસ્વી પ્રભા
Halo of light
'જય'નાં સૂક્ષ્મ કિરણોથી આંજતુ રહે.
મનુષ્યનો બુદ્ધિવાદ થાકીને
એ તેજની આગળ
શિર નમાવી તહેનાતમાં ખડો રહે!

* * *

મુખમુદ્રા પર વસેલી ભદ્રિકતા,
તેજનાં કિરણ પ્રસરાવતું
એ મનહર કપોળ,
કાંતિ ને બળથી
થનથનાટ કરતું સુદૃઢ શરીર,
ખીલતું સૌંદર્ય ને જૈનની જુવાની
જોનારને પણ જોમ પ્રેરે.

* * *

આંખોમાં વીરતાનું પાણી ઊભરાય,
એકમાં વૈરાગ્ય, બીજીમાં યુદ્ધ—
આત્મયુદ્ધના પડકાર સંભળાય !

* * *

પ્રેમાળ ને મોહક આંખો જ
જગતપર શાસન કરે,
આંખના ઈશારે
અગ્નિ પર શાંતિના સિંચન કરે.
હ્હેરામાં અમૃત એટલું હોય
કે જગત પી પીઇને વધું તરસ્યું બને !
જીવન જેવા ગુલાબી ગાલો પર
બ્રહ્મચર્યનું નિશાન ફરકે.
શક્તિ, પ્રતિભા ને તેજથી
દુનિયાને તાજુબ કરે.
ભલમનસાઈ ને શુભ ભાવનાની રેખા
પાંપણ પર લ્હેરીયાં લયે,
સુશીલતાના ભારથી જૈનનાં ભવાંઓ નમી પડે !

* * *

મુખના મૃદુ મરકલે
દુનિયાને ઝૂકતી કરે છે.
દુઃખનો લીસોટોય કરવાની જગ્યા જૈનના
આનંદમસ્ત ચ્હેરા પર ખાલી ન હોય !

* * *

જૈન ગંભીર છે, આનંદી છે.
ગંભીરતા ને આનંદના મિશ્રણથી જ
તેનું કલેવર ઘડાયું છે.
ગંભીર ને હસતી ચક્ષુઓમાંથી
મધુરી રતાશનાં શેરડા ફૂટે.
નસનસમાં જીવંત લોહીના ધબકારા થાય.
જીભની મીઠાશે પત્થર પણ પીગળી જાય.
સૌમ્ય, શાંત ને વીરતાભર્યાં
સુવચનો સોંસરા ઉતરી જાય.
સ્વાર્પણની રોશની એના
શ્વાસોચ્છ્વાસમાંથી જ પ્રગટી રહે !

* * *

જૈનના જીવનમાં
અડગ ધૈર્ય ને અખંડ શાંતિ છે.
પુણ્યભાવનાનાં આંદોલનથી
સકળ ચેતનને પાવનકારી બનાવે છે.
હેતભર્યા નયનોમાંથી
વિશ્વપ્રેમના વહેળાં વહે,
મનની પવિત્રતા ને
સૌમ્ય પ્રકૃતિનું ત્યાંથી દર્શન થાય !

* * *

જૈન બોલે થોડું પણ ખૂબ મીઠું.
જાણે અમૃત ઝરે છે, પીઇ લઇએ.
તેની મૃદુ વાણી કઠોરમાં કઠોરને પણ
ભેદી નાંખે તેવી મર્મભેદક લાગે.
સૌને ચ્હાય, ને ચહાવે.
મધુરાં વચનોથી વિશ્વને વશ કરે.
વીર્યનો સંગ્રહ એ તેનો ખજાનો છે.
વીર્યને ફોરવવાનું કયાં,
એ જૈન જાણે છે:

વીર્ય વિના મનુષ્યત્વ ન ઘડાય,
મનુષ્યત્વના સાધકનો પહેલો જ એ ધર્મ છે.
સંગ્રામમાં જ વસનારો—ઝૂઝનારો જૈન
વીર્ય વિના સંગ્રામ કેમ જીતે ?

* * *

દૂધમલ્લોની મસ્તી કરી જાણે છે.
છતાં ક્યાં શાંત રહેવું,
ક્યાં " ગમ ખાવી " તે સમજે છે.
જીવનથી ને જીગરથી
મોક્ષ, સ્વતંત્રતા, મુક્તિનો એ ચાહક છે.
દિવાલો—પરતંત્રતાનાં પડદાઓને તોડે છેઃ
સ્વાતંત્ર્યભાવનાને
જન, જીવનની જંખના બનાવે છે.
નાડીઓમાં બસ !
એકજ મુક્તિનું રૂધિર વહાવે છે.
જાતિ, સમાજ ને રાષ્ટ્રોદ્ધારનાં
કીમિયા તેના ખીસ્સામાં છે.
મુક્તિ સાધતાં મૃત્યુ આવે તો
મૃત્યુનું ઓસડ મૃત્યુમાં જ શોધે છે.

ભાષાને સ્પર્શતા પહેલાં
આંખને સર્વત્ર અજમાવી લ્યે.
કર્તવ્યની ઉગ્રતાથી દુશ્મનને આંજે, ને
જીવનની પવિત્રતાથી સિદ્ધિઓ સાધે:
પ્રખ્યાતિને પીઠ દઈ મહત્તાને પૂજે, ને
જીવનના છૂપા ઝરાઓ
ચોમેર ભક્તિ ને પ્રીતિ પ્રેરે છે.

* * *

શક્તિ ને સ્વતંત્રતાનું ખૂન
જૈનમાં ઠેકડા મારે છે.
વિજયને વરવા
તે આત્મશક્તિઓ સ્ફુરાવે છે.
પરાઈ સહાય સ્વીકારવામાં
આત્માનું અપમાન સમજે છે:

* * *

અનેકવિધ અને વિરોધી
પ્રકૃતિને એક પીંજરામાં જૈન પૂરે છે.
માનસશાસ્ત્રીઓ પણ
ગુંગળાય ને ગુંચવાય:—
“ આ તે કઈ માટીનો માણસ ?

યોદ્ધો કે યોગી ? ”
યોદ્ધો ને યોગી બન્ને,
સાધુ ને સેનાપતિ બન્ને !

* * *

જૈન ઉંડો છે, અતિ ઉંડો છે.

છીછરો નથી, કદિ ઉભરાતો નથી :
એનાં અતળ ઉંડાણમાં જ્ઞાન છે,
શક્તિ ને શાંતિ ભરી છે,
ક્ષમા ને પ્રેમ પડ્યા છે,
ધીરજ ને શૌર્યતા છે.
અચળ શ્રદ્ધા ને નિર્દોષ ભક્તિ છે.
પ્રેમ એનાં ઉંડાણનો ઉચ્ચતમ આનંદ છે.
એનું જ્ઞાન દુનિયાને ચોમેરથી તપાસે છે.
શક્તિ ભૂતકાળનાં સ્વપ્નાંને
વર્તમાનમાં સિદ્ધ કરવા ઉછળે છે,
ને ભવિષ્યનો આકાશી મિનારો ચણે છે.
સાંપ્રદાયિક ટુંકી દૃષ્ટિનાં બદલે
વિશ્વના ઉંડા ભાગમાં દૃષ્ટિ વળેલી છે:
આથીય મીઠો ને મોંઘો
બજાનો જૈનમાં અપ્રકટપણે પડ્યો છે.

* * *

જૈનનાં પગલાં પડે ત્યાં

કલ્યાણ ! કલ્યાણ પથરાય,
શબ્દો સરે ત્યાં શાંતિ છવાય.
બળબળતા બપોરે પ્રભાતની ઠંડી લ્હેરો આવે.
જૈનનો સહવાસ
સૌને અજબ શાંતિ આપે.
તેના ગુલાબી હાસ્યનાં ફૂલો
જીવનને ચોમેરથી સુગંધિ બનાવે,
તેની પ્રત્યેક પ્રવૃત્તિ
જીંદગીમાં રસ ને કલા ભરે !

* * *

ઓ રોતલ દુનિયાની રડતી સુરત !

ચુરકીયા કરી કરીને થાકેલી દુનિયા :
એક વાર શાંત ચિત્તે આવ !
વર્તમાન વિખવાદોથી વિરમી આવ !
કોઇ પવિત્ર પુરૂષ—
આવા તેજસ્વી નરવીરની છાયામાં :
'જૈન'નો ભેટો થવો એ તારૂં પરમ સદ્ભાગ્ય છે !

* * *

શક્તિ ને સૌરભનો
થનથનાટ કોને ન આકર્ષી શકે ?
જૈન કોને નહિં શાંતિ આપી શકે ?

* * *

ઇંદ્રોનાં ઐશ્વર્ય પણ
જૈનની તપશ્ચર્યાને તોડી શકે નહિં,
રંભાના પ્રલોભનો–મેનકાના નાચો
'જૈન'ને નચાવી શકે જ નહિં,
તે સૌંદર્યને સમજી શકે છે;
જૈન સૌંદર્યને મ્હાણી જાણે છે.
સૌંદર્ય તત્ત્વોનો જ એ
અટલ 'અભ્યાસી' છે.
બ્હેનના સૌંદર્યને જે પવિત્ર ભાવનાથી જુએ,
એજ પવિત્ર મનોદશાથી
સૃષ્ટિનાં સર્વે તત્ત્વને–રૂપને નિહાળે !
પ્રેમ કરી જાણે છે તે 'જૈન',
પણ મોહને સમજતો જ નથી.
મોહ એ તો છે મનનો મેલ.
પ્રેમ એટલે આત્માની ખુશબો ! મધુરતા !

* * *

જૈનના જીવન પાછળ ચોક્કસ 'ધ્યેય' છે,
તેથી એ 'જીવનકળા' ખીલવે છે.
એના સામર્થ્ય પાછળ સિદ્ધાંત છે
તેથી એ મનહર સુગંધિ લાગે છે.
જૈનની ભાવના પાછળ આદર્શ છે,
તેથી એ ભવ્ય ભાસે છે :
શુદ્ધિની વાયુલહરીઓ હરનિશ
જૈનનાં જીવનમાં તેજ-રંગ પૂરે છે.
સિદ્ધાંતની અચળતા
તેના સામર્થ્યને ઓર વધારે છે—
જૈનમાં નિત્ય નૂતન સ્ફૂર્તિ લાવે છે.
આદર્શની અખંડ પૂજા
તેનામાં કાર્યનું બળ સદાય પ્રેરે છે.
અલકાપુરીનાં કુબેરભંડારો
જૈનની માનસિક સમૃદ્ધિ પાસે તુચ્છ ભાસે છે.

* * *

પૃથ્વીનાં ફેરફારોનો એ સાચો સમાલોચક છે.
દરેક સુંદર રસભર્યા પ્રસંગો તેના

જીવનને નવદીક્ષા આપે છે.
સંધ્યાના રંગમાં જૈન મોહાય નહિં,
લાગણીનો દોર્યો દોરાય નહિ;
ઠગારા રંગોને તો તે 'ઠગે' છે—
Feelings લાગણીને તે સદા નચાવે છે:
લાગણી કે ઠગારી માયા
'જૈન'ને કદી નચાવી શકે નહિ.
કારણ કે વિચારો અને લાગણીઓ
એ બન્ને જૈનના પાળેલાં કુતરાં જેવી છે.
લાગણીઓ ઉભી થતાં જ
આજ્ઞા દઇ જૈન દબાવી શકે છે.

*　　　　*　　　　*

જૈનના દાંપત્યમાં વિલાસની બદબો નથી,
પવિત્ર પ્રેમની ત્યાં વૃષ્ટિ છે. સ્નેહની એ સૃષ્ટિ છે.
વિકાર નહિં, રસ ઝરે છે,
મોહ નહિં, હૃદયના વાત્સલ્ય વહે છે.
વિલાસને જૈન સુખ માને નહિં
પણ અઘોરીઓની ગાઢ નિદ્રા : એજ વિલાસ :
મીઠી નિંદરમાં તો

અઘોરીઓનો ઘાત જ થાય ને !
' જૈન ' સદા જાગતો છે. જાગતો છે :

*　　*　　*

જૈન : બાળવયે પરણવામાં
એ પોતાનો, પત્નિનો ને
વિશ્વનો ' આત્મઘાત ' થતો સમજે :
કારણ, જૈન સમજે છે કે,
બહાદુર પુરૂષ બાળલગ્નથી નથી પાકતો,
વિશ્વનો માનવછોડ એથી કરમાય છે,
ઇચ્છાશક્તિનો ઝરો સૂકાય છે,
શક્તિને બદલે જગતમાં નાજુકાઇ પૂજાય છે,
અને એ પાપ છે—મહાપાપ છે ! !

*　　*　　*

આદર્શ ' જૈન 'નાં લગ્ન
બહાદુર મોસાળ પત્ની—વીરાંગના સાથે હોય.
સાહસિક વાણીયો—વહાણીઓ
ગમે ત્યાંથી શોધીને
ગુણવંતી ગુણસુંદરીને જ પરણે.
' મનુષ્યત્વ 'ને—મનુષ્યત્વને જ માત્ર

ખીલવનારી ફળદ્રુપ ભૂમિકા તપાસે.
કસાયલા બદન ને ભાવનાશાળી
મજબૂત મનની સ્ત્રીને જ વરે.
બુદ્ધિનાં ચમકારા કરતી તે સુંદરીને વરે.
તેની સાથે દિવ્યપ્રેમથી જોડાઇ રહે,
ક્ષત્રિયોચિત પ્રેમ ધારી શકે, ને
વ્યાપારિક પ્રેમ–
બજારૂપ્રેમ, વ્યવહારીયા મજુરો માટે રાખે !

* * *

રસ, યૌવન ને શક્તિથી ભરપૂર
અખંડ રસસમાધિ સેવીને જૈન,
ચેતનભરી ચાલે સંસારના પ્રયાણુ આદરે.
રસમય સંસારનો પંથ કાપતાં
પૃથ્વીનાં ખોળે અનુપમ ‘ સિંહસૂત ’ ધરે.
વર્ષે વર્ષે ‘ ઘેટાં ’ જણુનારી સુવાવડો કરવા કરતાં
બાર વર્ષે એક સિંહને જૈન જન્માવે.
અશક્ત અણુશલાઓને બદલે આદર્શ જૈન
અનુપમ બલવંતા પુરૂષને અવતરાવે !

* * *

જૈન દંપતિ–સ્ત્રીપુરૂષનાં દેખીતા સૌંદર્ય નીચે
પુણ્યભાવનાની નિર્મળ ગંગા વહેતી હોય,
પરસ્પરનાં મિલનથી મધુરતા ચોમેર ઝરતી હોય.
યૌવનની તેજસ્વી શક્તિઓ બન્નેમાં ફૂટતી હોય,
ને શક્તિને કાબુમાં લેવાનો અદ્‌ભુત સંયમ હોય–
એવા આદર્શ યુગલ
અખંડ તપના અંતે
Will શક્તિ અને ' બુદ્ધિ 'નાં સંયોગથી
તેજસ્વી સંતાનની પ્રાપ્તિ કરી જગતને સમર્પે :
દુનિયાને દેવાંશી નર મળે !

* * *

જૈન યૌવનને પવિત્ર ધર્મ માને.

ધર્મ જેટલી પવિત્રતાથી યૌવનને જાળવે–ખીલવે !
દોડતાં યૌવનને
સંયમની લગામથી જોતરી વિશેષ દોડાવે,
પણ યૌવનને ઠંડુ પડતું જોઈ
સંયમની ખોટી મર્યાદામાં મનુષ્યત્વનો
વિનાશ ભાળે.

* * *

સંકટો ને મુશ્કેલીઓની હદ
આદર્શ 'જૈન' માટે ન હોય:
મુશ્કેલીઓને હસી જાણે તે સાચો જૈન.
વીર્યનાં ધગધગતા સ્તંભો પાસે
સંકટો શી બીસાતમાં ?
સંકટ એટલે તો
સંઘરેલા વીર્યને ફોરવવા માટે
કુદરતે બક્ષેલી સુંદર તક,
તેથી જ સંકટને જૈન સ્નેહથી સત્કારે છે,
ને પ્રસંગોપાત આમંત્રીને પણ યુદ્ધ કરે છે:
યુદ્ધમાં વિજય મળે તો
જૈન ગુમાનની ખુમારીમાં નાચે નહિં,
પરાજય કે શોકથી,
હતાશ થઈ નિરાશાથી રડે નહિ
જૈન તો પડે ને તુરત ઉભો થાય,
ઉભો થઇ ભાવિ આત્મયુદ્ધની
ભૂમિકા સદાય તે ખેડતો રહે :
પડવું ને ફરી ફરી ઉઠી દોડવું,
એ જૈનની સનાતન હેજત છે.
હર્ષ ને શોક: તેની હથેલીના રમકડાં માત્ર છે.

* * *

'જૈન'ને સ્થૂલ સત્તાની પરવા નથી.
તે વ્યકિતત્વની જ્વલંત પ્રતિભાજ
અગોચરપણે સર્વત્ર સત્તા સ્વાભાવિક જમાવે છે.
સત્તામાં તે શાણપણ દાખવે છે.
ધનનો આદર્શ સમજે છે.
પ્રકૃતિનાં કોયડા આનંદથી ઉકેલે છે:
ભૂલોનો સ્વીકાર,
એ ભોળા દિલનો આરિસો છે:
ક્ષમાની બક્ષીસ
એ 'વીર'નું સાચું ભૂષણ છે
એના મનની સમૃદ્ધિ મહાન્ છે.
ચિત્તની શાંતિ અકળ છે, અડોલ છે
આત્માનો અવાજ
સુણવાની તેનામાં શકિત સુંદર છે.
લોક massesનો માનસ-ફોટો
એક હોય નહિં, રહે નહિં,
એ તો સિનેમા જેવો ક્ષણે ક્ષણે ફરતો છે.
તેથી લોકોનાં-વ્યવહારના ચક્રમ્ અભિપ્રાય પર
જીવન જીવનારા મનુષ્યો

જીવન 'જીવતા' નથી;
પણ જીવનને જેમ તેમ 'ઘસડયે' જાય છે.
આત્માનો પેગામ (Voice of Inner soul)
એજ જીવન: એજ Noble Life.
એ વાત 'જૈન' બરાબર જાણે છે.

* * *

જ્ઞાનનાં ચક્ષુથી જૈન

દુનિયાને પ્રકાશમાં દોરે છે.
આત્માની મધુર પ્રસન્નતામાંથી
અમૃતધારાઓ છોડી સૌને પીવડાવે છે.
સર્વ જીવો સહ એકતા સાધી
દુનિયાને એકતાની હૂંફ આપે છે.
ઉત્સાહમાં સદાય દોડતાં રહી
દુનિયાને દોડતી બનાવે છે:
ચેતનાનંદના ગતિયાળા—વહેતાં પાણી પીઈ
સૌને નિરંતર ગતિ ધીરે છે.
ડરાવવા કરતાં કોઇથીય ન ડરવામાં
જૈનની બહાદુરી લેખાય છે.
તપશ્ચર્યાથી નિર્મળ થઈ
નિર્મળતાનો આદર્શ શાંતિથી પઢાવે છે.

બ્રહ્મચર્યનાં તેજસ્વી કિરણો પીઇને
બ્રહ્મનું સ્વરૂપ બતાવે છે.
સાચો જૈન એ વ્રતને બંધન ન માનતા
સ્વતંત્રતાનું દ્વાર સમજે છે.
તેને નીરસ તપશ્ચર્યા રૂપ ન લેખી
નિત્ય તેની ખૂબીઓનાં નવા દર્શન કરે છે.
પોતાને કપાવીને પણ
જૈન દયાનો ધ્વજ ફરકાવે છે.
પ્રેમીમાં અલખ થઈ જઇને
ત્યાગનો મહા ધર્મ સમજાવે છે.
મહાકષ્ટે પ્રાપ્ય લક્ષ્મી વેરી
દાનનું મહાત્મ્ય બતાવે છે.
દુશ્મનને પણ પ્રેમથી સપ્રેમથી ભેટી
પોતાની દિવ્ય ભાવનાનું—
ઉદારદિલનું દર્શન કરાવે છે.
વિચારો કરી મૂડદાળ નહિં, પણ
'કાર્ય' કરી જૈન મુક્તિ મેળવે છે.
પોતાના નવલોહી હોમીને પણ
સિદ્ધાંત ખાતર નૂતન સૃષ્ટિ સર્જે છે!

* * *

એમના પવિત્ર મનના સ્મિત આગળ
ગુંચાયલા કોયડા સ્વતઃ ઉકલે છે
તેના મુંગા શબ્દોમાંથી સર્વત્ર
પ્રેરણા ને પવિત્રતાનાં ફૂવારા ઉડે છે.
વીરતા ને પ્રેમ વગરની
દરેક વસ્તુમાં એ મરેલો છે.
પરમાત્મા ને પ્રભુતા વિનાની
દરેક ચીજમાંથી દેશવટો લીધો છે.
પ્રતિપળે સંસ્કારનાં વહેળા તે
જીવનમાં ચોમેરથી વાળે છે.
સંસ્કારી થઇને વધારે સહિષ્ણુ બને છેઃ
ને ઉપર ઉપરના છાલાં ફેંકી
દિવ્ય રસમાં નિરંતર જે રમે છે—રમી જાણે છે
તે આદર્શ જૈન !

* * *

જૈનના જ્ઞાનની સાથે સંસ્કૃતિ ખીલતી આવે,
પ્રેમની સાથે નિર્મળતા વહેતી હોય.
દયાની સાથે દૃષ્ટિનાં વિવેક વિકસે,
સંયમની સાથે રસિકતાનો અખંડ ઝરો ફૂટે !

* * *

જગતના ઉકરડા વચ્ચે

જૈન પોતાનો અનોખો હરીયાળો બગીચો રચે છે:
ચોમેરના દુર્ગંધી 'ઉકરડાપણુ' વચ્ચે
જીંદગીનો નિર્મળ 'ઝરો' વહાવે છે.
જૈન હૃદયથી માને કે—
સ્વર્ગનો સ્રષ્ટા હું પોતે જ છું,
દુનિયાની કોઇ સત્તા
કે પરલોકનો કોઇ મહાન દેવ
મને મોક્ષ લાવીને આપી શકે જ નહિં,
મને કોઇ 'તારી' શકે જ નહિં,
મને તારનાર મારો પવિત્ર આત્મા જ છે,
તારનારનું રાજ્ય મ્હારા પોતાના આત્મામાંજ છે.
આત્મા એજ પરમાત્મા.
પરમાત્મા એટલે દિવ્યતા,
ને દિવ્યતા એટલે હું જ."
એવી ભવ્ય જેની મનોદશા છે
તે આદર્શ જૈન !

* * *

જૈનમાં-આદર્શ જૈનમાં

યુવાનની રસિકવૃત્તિ ને બળ હોય,
વૃદ્ધોનું શાણપણ ને વિરાગ હોય.
દીર્ઘદૃષ્ટિ ને વિશાળ અનુભવ હોય,
બાળકનાં ખીલખીલાટ ને ઉત્સાહ
તેનામાં બહુ ઉભરાય,
શરીરમાં વિશેષ તાકાદ ખીલવવાની તાલાવેલી જાગે.
આત્માને કસવાના મનોરથ ફૂલતા હોય,
મૂર્તિમંત ચેતનતા ને પ્રબળ શાંતિના
જ્યાંથી સજોડે દર્શન થાય.
યુગ પલટાતાં જે દૃષ્ટિબિંદુઓ બદલી જાણે, ને
જુલમ સાથે બંડ ઉઠાવવામાં 'ફરજ' સમજે!

* * *

સમૃદ્ધિથી 'જૈન'ને-ખરીદી શકાય નહિં,
આંજી શકાય નહિં.
ધમકીઓથી ડરાવી શકાય નહિં,
લોભોથી લલચાવી શકાય નહિં,
પ્રપંચથી હાળી શકાય નહિં.
ને ખુશામતથી પણ જીતી શકાય નહિ!
સિદ્ધાંત આગળ જૈન સમૃદ્ધિને લાત મારે,

તેના વીર્ય આગળ ધમકી હાસ્યપાત્ર નિવડે,
'કુચ્છોટાઅંધ' આગળ લોભ-લલના થથરે,
માનપાનનાં કીડાંઓને જ ખુશામતથી હણી શકાય.
'જૈન' તો સદાય સૌથી પર છેઃ
ખુશામત કરનાર સાંભળતો જાયઃ–
ભાઇ! આવું તુચ્છ શસ્ત્ર
ક્ષત્રિયને હરાવવા શું સમર્થ છે?
ક્ષત્રિય સામે તો તેજવાળી તલવાર ઉગામજે!
ખુશામત કરતાં તો નિંદા કરે,
એ જ મને વધુ પસંદ છે:'

* * *

પત્થરનાં ખાલી દેહનો પૂજારી જૈન ન હોય
પરંતુ 'વસ્તુ'ના ગર્ભને તે પ્રેમથી પૂજે છેઃ
દિવ્યતા ને પ્રભૂતાનું પ્રતિબિંબ
પોતાની 'અંદર' તે પ્રતિપળ ઉતારે છે.
પ્રભુનું—દિવ્યતાનું
ભઇ પ્રતિબિંબ પોતામાં ઉતારવું
એજ જૈનની સાચી પૂજા હોય.
પત્થર સમુ, વજ્રસમુ વીર્ય

કેળવવું, એજ તેની પૂજાનાં થાળનું અર્ઘ્ય.
એ પૂજાનો સાચો આદર્શ સમજી
પૂજ્યનો સાચો પૂજારી જે બને તેજ આદર્શ જૈન.

* * *

શક્તિમૈયાના સુકાન પાછળ

સાહસ એનાં રૂવેરૂવે છે,
શૌર્ય જૈનની નસેનસમાં છે.
શીલ એના અણુંયે અણુમાં,
ને સેવા એની પ્રબળ ભાવના છે.
'બ્રાહ્મણ કે ક્ષત્રિય,
વૈશ્ય કે શૂદ્ર, નામ જુદાં છે:
સૌનું સમાન સ્થાન છે,
કોઇ ઉંચો-નીચો નથી,
કોઇ જીવ નાનો મોટો નથી :
જીંદગીનું લક્ષ્ય મોક્ષ, અને
એ મોક્ષનો સમાન અધિકાર સૌનો છે,
એ પ્રભુસ્પર્શિત ' જૈન આત્મા ' બોલે છે:

* * *

નિષ્ફળતામાં જૈન ધ્રુજે નહિ, કંપે નહિ,
કે સફળતામાં રાચે નહિ.
આશાના સઢ કદી સંકેલે નહિ, ને
નિરાશામાં નાવ ડુબાડે નહિ.
ભૌતિક સુખની લાગણીથી એ સંતુષ્ટ થાય નહિ,
કે દુઃખનાં આવિર્ભાવથી અકળાય નહિ.

* * *

વિષમમાં વિષમ સ્થિતિમાંય
આત્માનો પ્રમાણિક યત્ન જૈન જારી રાખે.
એ કહે છે:—
હું "Warrior મહાન યોદ્ધો છું.
સર્વને જીતવા નિકળેલો અચળ સૈનિક છું.
પુરૂષાર્થ એજ મારૂં જીવન-કૃત્ય છે.
જીતવું એજ મારો પ્રિય સિદ્ધાંત છે."
યોદ્ધાને આત્મયુદ્ધ જોઇએજ,
નહિ તો શક્તિ કટાય છે;
યુદ્ધથી વિજેતાની શક્તિ કસાય છે:

* * *

દ્રઢતા ને શાંતિ

તેના યુદ્ધનાં બે લોખંડી પગો છેઃ
વિનય ને શૌર્ય
એ તેનાં બે મજબૂત હાથો છે.
બુદ્ધિવાદની અવળચંડી દાસીને
શક્તિવાદ–આત્મવાદ પાસે
જૈન ચાકરી નિત્ય કરાવે છે.
વાણીયાશાહી સમૂહમાં રોજ,
લડાયક ખમીર (Spiritual Strength) ભરે છેઃ
ખાનદાન યુદ્ધ દ્વારા મનુષ્યોને
મર્દાનગીભર્યું જીવન જીવતાં જૈન શીખવે છે :
અહિંસા ને યુદ્ધની
ખરી મીમાંસા કરી
જગતને સાચું, ઉચ્ચ દૃષ્ટિબિંદુ બક્ષે છે :

* * *

સિંહના પિંજરામાં પેસી સિંહને જૈન હણે છે,
કાજળની કોટડીમાં જઇ
સ્થૂલીભદ્રની જેમ કોશ્યા–વેશ્યાના ઘરમાંથી
શ્વેત મુખે હસતો નિર્દોષ પાછો ફરે છે :

* * *

સામાયિક, શ્રવણ, દર્શન ને પૂજન

ઠંડાગાર થવા માટે નથી,
પણ............જૈન જાણે છે કેઃ—
સામાયિક ' ક્રિયા ' માંથી
સમતાની ' શક્તિ ' મેળવવાની છે :
ક્રોધ પર કાબુ(Brake)મૂકવાની 'કળા'જાણુવાનીછે.
સ્વ–પરનાં કલ્યાણની સાચી ખોજ કરવાની છે.
વિઘ્નોને આત્મ–વશ કરવાના છે.
આત્મવિકાસ ક્રમશઃ જીવનમાં સાધવાનો છે.
માનસિક ને વાચિક દોષો હણુવાના છે.
શૂન્યતામાંથી ચૈતન્યતામાં પ્રવેશવાનું છે,
ભ્રાતૃભાવની ભાવના કેળવીને
સાત્વિકતાનાં સુંદર દેશે જઈ વસવાનું છે.
તૃષ્ણાના તળીયાં તોડવાના છે.
ઇષ્ટદેવનાં આદર્શો પોતામાં પ્રગટાવવાનાં છે.
આત્મ સ્વાતંત્ર્ય, શોભા ને સામર્થ્ય
Freedom (Liberty of soul)
Grace & Spiritual Power
તેમાંથી ખૂબ સ્ફુરાવવાનાં છે.

સ્વરાજ્ય–આત્મ સ્વરાજ્યનો
મહાન્ આનંદ 'સામાયિક'માંથી લુંટવાનો છે.
પર્વતો માથે તૂટતા હોય તોપણુ
એકાગ્રતાથી ન ચળતાં–શીખવાનું છે:
આત્માને ત્રાસ પોકારાવે છતાં
ક્ષમાના ગુણો અરિઓને દર્શાવવાના છે.
શુભ રહેલી–પોઢેલી આત્મશકિતને
આત્મબળ–(Soul force)થી જ
વિકસાવી, મોક્ષના દર્શન કરવાનાં છે.
આત્મસંશોધનનો સમય તેમાંથી સાધવાનો છે, ને
સ્વાવલંબનની સિદ્ધિઓ સામાયિકમાંથી સમ-
જવાની છે:

* * *

દર્શન, શ્રવણુ ને પૂજનમાંથી પ્રતિપળે
દિવ્યતા ને ભવ્યતા જ માત્ર પીવાની છે.
પવિત્ર લ્હેરોમાં ફરવાનું છે.
શાંતિના–સૌંદર્યના સામ્રાજ્યમાં પ્રવેશવાનું છે.
શ્રદ્ધાના જીવનને વ્યવહારમાં ઉતારવાનું છે.
ને તત્ત્વજ્ઞાનની બારિક પીછાન કરવાની છે.
દુનિયાનાં ક્ષુદ્ર મોહ ને વિખવાદમાંથી

ચિત્તને ઉપાડી લઇ અંતરાભિમુખ બનવાનું છે.
તપ ને અભિગ્રહ
નિયમ ને બાધા, વ્રત કે પચ્ચખાણ
'સખ્તાઇ' શીખવા માટે છે:
'મજબૂત' બનવા માટે જ યોજાયલા છે.
સુખશીળીયા, ઠંડા કે ક્રોધી થવા સારૂ નહિ....
એ સાચો જૈન બરાબર સમજે છે.

* * *

સબળની સહાય અનુમોદના ને
નિર્બળનો કોમળતાથી હાથ ઝાલી
ઠેકડા મારતાં શીખવવું,
તેમાં—અને તેમાં 'જૈન' પુણ્ય માને છે.
દયા કરી નિરંતર સહાય કરવામાં—
સહાયની સ્થિતિમાં સહાય કોઇને ઝુરતો રાખવામાં
જૈન મહાપાપ લેખે છે:

* * *

નિર્બળતાને વિકસાવનારા ઉપદેશકો કે
સિદ્ધાંતો જ ખુદ પાપ છે:

એવું જૈન ખચીત માને છે.
જૈનના જીવન-કૌશલ્યનો સરવાળો
આમ વિવેકભરી દયા—
ને દયાભરી શૌર્યતામાં શમ્યો છે : શમે છે:

* * *

જૈન એકાંતનો ગુલાબી લાલ છે, ને
સમુદાયના સ્વભાવનો
એ ચતુર ભોમીયો (Psychologist) છે.
સૌને જૈન સત્કારે છે. માત્ર ધિક્કારે-
Meanness of Soul ને, હૃદયની તુચ્છતાને !
મનુષ્યોની અપ્રમાણિક મનોદશાને !

* * *

સામાન્ય જનવૃંદોની
લાગણી અને બુદ્ધિ-શરીરને
ધારેલા રંગથી રંગી શકે,
કલ્પેલા ઘાટમાં ઘડી શકે
એવો એ સમર્થ પુરુષ છે:
એના એક જીવનમાં
અનેક જીવનનો લાંબો તેજસ્વી ઇતિહાસ હોય.

બ્રહ્મત્વ ને ક્ષત્રિયત્વનો ત્યાં યોગ છે.
જ્ઞાનયોગ ને કર્મયોગનો સંયોગ છે.
રસિકતા ને વિરાગનો જૈનમાં મીઠો મેળ છે.
જડતા ને નિર્બળતા
એની કલ્પનામાં ય નથી.
સંકુચિત દૃષ્ટિ ને વ્હેમો
તેના સ્વપ્ન-પ્રદેશમાંય નથી.
ઉલ્લાસ ને દુઃખમાં, તડકા કે છાયામાં
સરખો સંયમ જૈન જાળવે છે,
ખોટી મર્યાદા ને
દંભભર્યા નૈતિક (!) સિદ્ધાંતોને
પહેલી તકે એ શાંત ચિત્તે હણે છે.
જગતના Mysticism-ગુપ્તજ્ઞાનના
ભંડારની ચાવીઓ તેના હાથમાં છે.
ગુપ્તદૃષ્ટા થઈને શુભ હેતુસર
(શુભ હેતુનાં પ્રદર્શન કર્યા વગર પણ)
જૈન દુનિયાને ઘણીવાર ભડકાવે છે.
દુનિયા-આ ગભડતી દુનિયા જોઈ જોઈને
બહુ ભડકે છે ને સ્તંભે છે :
જાગે છે, ને દોડે છે : તેનામાં પ્રાણ પૂરાય છે:

* * *

પાપથી ડરે, પણ
પાખંડ કરતાં પાપને જૈન સારૂં ગણે.
રૂઢી કરતાં ' ઉપયોગીતા* ' ને જ વધાવે છે.

* * *

જૈનના ત્યાગમાં રસ ને સૌરભ છે,
આત્મકલ્યાણ ને વિશ્વકલ્યાણનો સુંદર ભેટો છે.
જૈનની શક્તિ સંહાર કાજે નથી;
એ તો અશક્તોને આરામ આપે,
શુભના મંડાણ કરે,
ને અશુભના નાશ કાજે છે.
પેટ ઘસીને ' ગમે તેમ ' જીવવા કરતાં
મૃત્યુને જૈન વહેલું પસંદ કરે છે.
પવિત્રતા ને સ્વતંત્રતા જળવાય તો
મૃત્યુને પણ હર્ષથી નોતરે છે :
જીવે છે જૈન-આદર્શ જૈન
આત્માના પૂર વૈભવથી,
મરે છે પણ જૈન—
આત્માના પૂર વૈભવમાં !

* * *

* Utility.

પરિસ્થિતિઓનો વિવેક એ કરી જાણે,
વિવિધ દશાનું સાચું ભાન રાખે.
મુશ્કેલીઓમાંથી 'જય'નું રાજ્ય જૈન શોધે,
ને તુફાની દરિયામાં એકલો તે ઝઝુમે.

* * *

હરેક ચીજ, ભાવ કે બનાવમાં
નિર્લેપતાથી 'જૈન' મઝા લુંટે છે.
ખખડધજ ઇમારતો-ખંડેરો તોડી
નવી નવી 'બીલ્ડીંગો' બાંધે છે:
જૂનાં ખોખાં ભાંગી
નવી દૃષ્ટિથી, ને નવા પ્રવાહથી
પ્રાણવાન નવો 'આત્મા' સરજે છે:

* * *

આંસુ કે નિરાશાના સંદેશા
જૈનના પ્રગતિમાન જીવનમાં નથી.
નિષ્પક્ષપાત દૃષ્ટિ ને નિર્મળ ભાવના,
સાહાઇભરી સંગીનતા ને તીવ્ર કર્તવ્યપ્રિયતા

પ્રતિક્ષણે તેને ઉંચે લઇ જતાં હોય,
કુદરતી જીવનની મધુર તાઝગી
એનામાં પ્રાણ, પ્રેરણા ને પ્રતિભા પૂરે.
હૃદયનો 'લાવા' અનેક પાખંડોને બાળે,
મનની 'ઠંડાશ' જ્વાળામુખીને ય ઠારે ! ઠારે !

* * *

અસામાન્ય જીવનલીલા
એ 'જૈન'નો સોનેરી ઇતિહાસ હોય.
નીડર સત્ય ને તેની શુદ્ધ ઘોષણાથી,
વિશ્વજીવનના જળને શુદ્ધ કરવું,
એ તેની અનંત કર્તવ્ય લીલા હોય.
નિર્ભીત ને નિખાલસપણે શુદ્ધ સેવા
એજ તેની માનવતાનું મીઠું ફળ છે.
'જૈનધર્મ' નાં દરવાજાઓ
દુનિયા—રે ! હરકોઇ જીવ માટે ખુલ્લાં છે :
'કોઇ આવો ! કોઇ પણ આવે ! સૌને સ્થાન છે:'
એ તેનો મહાન્ 'ઢઢેરો' છે.

* * *

જૈનની 'કડકાઈ' ઘણીવાર અંધ 'ઘેટાંઓ' ને
ખૂંચે છે.
કારણ! કારણ સ્પષ્ટ છે કે,
અનિષ્ટ કર્મોની સખતમાં સખત
'હાજરી' લેવા જેટલો 'જૈન' સદા જાગૃત છે.

* * *

જૈનનું સ્વતંત્ર માનસ ને શક્તિ
જગતમાં અનોખી સંસ્કૃતિ રચે, ને વિકસાવે :
પ્રયોગે પ્રયોગમાંથી પ્રેરણા પામી
પોતાના જીવનને ચોમેરથી પાંગરવા દે.
ભવિષ્યના પથની દિશા નક્કી કરી,
ગમે તેવી મહાન શક્તિઓ સાથે હોડ ખેલે,
લોકદૃષ્ટિના મેલાં કાચ સાફ કરી
સામાજિક ગંદકીનો નિવેડો લાવવા મથે,
ને રાષ્ટ્રજીવનના વાતાવરણમાં
'મ્હારા દેશ' નાં ગુંજનથી
શુદ્ધિ, ચૈતન્ય ને જોશ પૂરે :

* * *

દુનિયાના પ્રવાહમાં તણાવાને બદલે
દુનિયાને જ જૈન પોતાની તરફ ખેંચે છે.

જગત પર પોતાના ચારિત્ર–તેજથી જ
(હીપ્નોટીઝમ) ' વશીકરણ ' અજમાવે છે:
પ્રિય સંસ્કારને પૂજવાની ધૂનમાં
સામાજીક નિયમોમાં ભાત પાડે છે તે,
પોતાને ' પ્રમાણિક ' રહીને
એ ગૌરવથી લોકમતનાં ભૂતડાંને
ચરણોમાં ચગદે છે:
દોરંગી દુનિયાનું સર્ટીફિકેટ, તેને મન
કાગળના ચીંથરાથી વિશેષ મોંઘું નથી.
સત્ય ને ઉચ્ચ શોખો ખાતર
સર્વસ્વ છોડતાંય જૈનને દુઃખ થતું નથી.
મૃત્યુથીય મહાન પ્રસંગોને
જીવતાં જીવન પચાવવાનું એ શીખે છે.
ને પોતાના મૃત્યુ પછી પણ
' જૈન ' ઇતિહાસને તેજથી અજવાળે છે.

* * *

' જૈન ' ના સ્વતંત્ર ને વિમળ વિચારોમાં
તંદુરસ્ત યોદ્ધાની ભરપુર તાજગી છે.

ઉંચી સમજશક્તિ,
ભવ્ય સર્વગ્રાહી બુદ્ધિ
અને સર્વદેશીય સ્વભાવ
જગતમાં તેને અમર બનાવે છે, યશ અર્પે છે :

* * *

વિષના ઉતારમાં જૈન સાકર પાય છે.
બુરા ભાવનાશાલીને પણ એ કળાથી 'ભલો' બનાવે છે.

* * *

બંધુત્વની કેવળ 'વાતો' નહિ,
પણ બંધુત્વના જોડાણ જૈન આચરે.
મોક્ષનાં નવરા 'તડકા' નહિ,
પરંતુ મોક્ષની સિદ્ધિ સાધે છે તેજ સાચો જૈન :

* * *

અસાધારણ તત્ત્વોનો અભ્યાસ તે
જૈનનું સતત્ ચિંતન હોય.
અસાધારણ કાર્યોનો ભાર
એ તેનું અખંડ 'ધ્યાન' હોય.
જૈનની વિશાળ માનસિક સંપત્તિમાંથી સહાય

ધર્મનો પ્રવાહ સ્વભાવતઃ વહ્યા કરે,
દુનિયા પર ફરી ફરીને સાક્ષાત્
નીતિની છાપ એ લગાવ્યા કરે.
કષ્ટો તેની માર્ગદિશા ફેરવી શકે નહિ.
દ્વિધા જીવન જીવવાનો મોહ જૈનને થાય નહિ

* * *

"શું થશે" નહિ, પણ

'શું કરવાનું છે' એ જૈનનું પ્રિય સૂત્ર છે.
બુદ્ધિપૂર્વક નિશ્ચય કર્યા પછી તેને ખુદ
બ્રહ્માનો બ્રહ્મા પણ ફેરવી શકે નહિ,
વિજય તેના બાહુમાંથી નિતરે,
દુશ્મનના લોહીમાંથી નહિ, નાહિ !
કલ્યાણ–ભાવનાથી આક્રમણ કરતાં
જૈન કદાપી પાછો હઠે નહિ.
તેમજ શક્તિના શસ્ત્રોથી
અશક્તોને ત્રાસ તે આપે નહિ.
ને સશક્તોથી યુદ્ધ છોડી દઈ
સ્વગૌરવને નિસ્તેજ કરે નહિ.

મનુષ્યોનાં વૃંદોમાં જૈન
પોતાના વ્યક્તિત્વને હારે નહિ; ખૂએ નહિ !

* * *

આખી દુનિયા 'ના' કહે,—
ને જૈન 'હા' કહેતાં થડકાય નહિ,
તેના આત્માનો પવિત્ર પેગામ
સમાજના સડેલા રૂઢ બંધનોને માને નહિ.
આગળ 'ધકેલનારી' દયા વગર
દયામાં જૈન ધર્મ સમજે નહિ,
પોતાની પર 'ઑપરેશન' કરી
પોતાને સુધારનારી—શુદ્ધ કરનારી
ક્રૂરતા વિના—બીજી ક્રૂરતામાં માને નહિ.
'હું'કારમાં તુચ્છતાથી ફરનારની
જૈન દયા ખાય છે, પણ ક્રોધ કરે નહિ.
'હું પામર'ના નમાલા અધ્યાત્મને એ
સાચું 'અધ્યાત્મ' સમજે નહિ.
કારણ, જૈન સમજે છે કે:—
જીવનને હરનિશ તિરસ્કારનારા
જાતે જ બદબો મારતી ગંદી ગટરો છે.

પામરતાનાં ગીતડાંજ મનુષ્યને પામર બનાવે છે.
દિવ્યતાનાં લ્હેરીયાં જ માનવનો દેવ સરજે છે.
હરેક મનુષ્ય મહાન છે, અતિ મહાન છે:
મહાન્ થવા સરજાયલા છે,
તેથી મહાન્ હોવાનો ખાનદાન ગર્વ લેતાં
જૈન કદી શરમાય નહિ. સંકોચાય નહિં.

* * *

જૈન સંસારી છતાં
અસંસારી જેવો રહી શકે છે,
અસંસારી થઈને ય
સંસારીઓનાં સુંદર તત્ત્વો સમજે છે.
ઝાંઝવાના જળ કરતાં
તૃષા જ જૈનને વ્હાલી છે;
તૃષ્ણાનાં અગૂઢ તળીયા પર
તૃપ્તિનાં અમૃત વરસાવે છે.
કેવળ કાગળ ચૂંથનાર પંડિતોને પોથાંરામોને
કાગળના શબ્દો 'ખાતાં' શીખવે છે :
વિદ્યાના ભારથી કચરાઈ જવાને બદલે

ઊંચે ઉડવાના તેમાંથી અર્થો ઉકેલાવે છે.
ચર્ચા કે પાંડિત્યદર્શનને બદલે
જ્ઞાનને ફૂટી ફૂટીને જીવનમાં–આચારમાં
પચાવવામાં જ 'પુરૂષાર્થ' સમજી, સમજાવે છે.
પુસ્તકોમાંથી જ સદાય જ્ઞાન લેવાને બદલે
કુદરત ને માનવચ્હેરામાંથી સુગંધીઓ ખેંચે છે.
જો જ્ઞાનની ફરફર જીંદગીને તેજ ન આપે
તો તે જ્ઞાનને 'જ્ઞાનાભાસ' માને છે,
હિમાલયની શાંત ઠંડી, ને
સૂર્યની ગરમી–બેયને સાથે દિલમાં રાખી ફરે છે.
ગુસ્સાના અગ્નિને તેને અજ્ઞાનતાની માયાજ
સમજે છે.
હાસ્યના જળમાં ય ફેરવી જાણે છે:
આ કળા કો' વિરલને જ વરે છે!

* * *

આત્મા વેચનાર, ખુદ પ્રભુને વેચે છે,
પોતાના અંતરનો દ્રોહ કરનાર માનવ
કુદરતના શાપને જ જરૂર લાયક છે:
'જૈન' આ વસ્તુ સારી પેઠે સમજે છે.
દુનિયાના મહાન ફેરફાર રચવાની તાકાદ

પોતાની માનસસૃષ્ટિમાં નિરખે છે.
પોતાનું સાચું-ખોટું ભવિષ્ય
પોતાના 'ખેલ'થી જ રચાતું તે જુએ છે
નવી નવી યુક્તિ ને નવી ખૂંટી
પોતાના વિકાસ માટે નિત્ય તે આગળ ખોડે છે.
બીજાના દોરેલા લીટે
અંધતાથી દોરાવા જૈન સદાય ' ના ' ભણે છે !

* : *

સમય જોઈને જૈન મૌન પણ સાધે,
મૌનની મસ્તીમાંથી પ્રકાશમય ભાવિ ઘડે,
દિલમાં ઉભરાતા આનંદ ને શક્તિ
તેને મહા પ્રવૃત્તિમાં ધકેલે છે.
પ્રવૃત્તિનું લક્ષ એક જ—
Will to conquer સાધી.
પ્રવૃત્તિમાંથી નિવૃત્તિ લઈ
પરાજયના ઘેરાયલા વાદળમાંથી
" જય 'ના સૂર્યને શોધવાનું છે :
" સમ્યકત્વ ' ને હૃદયમાં સદા સ્થાપી,
અનેકાંત દૃષ્ટિથી—વિશાળ ને ભવ્ય જ્ઞાનથી

વસ્તુનાં ગુણદોષ તપાસવાના છે :
જ્ઞાનને સર્વ દિશાએથી સર્વ શક્તિ વડે
વિસ્તૃતતા ને વિશાળતાથી
જોવું એ જ જૈનનું જીવનકાર્ય છે.

* * *

સેનાપતિની ચાલે, જૈન વિજળીના વેગે ધપે છે,
ચમકારા કરતાં કરતાં પોતાના આદર્શ માટે
આકાશ પાતાળ એક કરે છે.
કદીક તો ભલભલાનો મદ ઉતારતી
ગજેન્દ્રની ચાલે એ ચાલે છે:—
જાણે જગતના કંગાલ કલેશો ને પ્રપંચો
જેની પાછળ ભમ્યા કરે, ભમ્યા કરે !
અદ્ભુત નિશ્ચળ શાંતિથી એ ધપે, છતાં
જગતને કદી તેનામાં આગના સૂસવાટા ભાસે :
વનરાજની કંપાવતી ત્રાડથી
શિયાળવા જેમ થથરે છે ,
જૈનનાં અપ્રકટ વિજ્ઞાન પાસે
તેમજ શબ્દજ્ઞાની (!) ઓ બહુ કંપે છે :

* * *

અનંત જ્ઞાન, દર્શન ને ચારિત્રનો
પોતાને જૈન, ધણી માને છે :
જ્ઞાનના અતાગ જળમાં પેસી
દર્શન ચારિત્રને પોતામાં જગાવે છે :
ધર્મના દેખાવ પાછળ
ધૂર્તતા કરવા કરતાં
'નાસ્તિક' ગણાવું પ્રતિષ્ઠાભર્યું લેખે છે.
પરાયા દોષો ભૂલી ભૂલીને
પોતાના દોષો તે વીણે છે.
'જયણા'ના ચરવળાથી–રજોહરણથી
જીવનદોષોને સદાય હાંકે છે.
ચારિત્રથી સ્ફટિક સમા ઉજ્વળ થઇ
આ જીવન અહિંયા જ સ્વર્ગ ઉતારે છે.

* * *

કોઇ જાતનાં અહંતત્ત્વો
જૈનના ઉજળા પ્રતાપને ઢાંકી શકે નહિ.
સત્યથી ભવ્યતા મળતી હોય
તો જીવતરનો કંઇ તેને મોહ નહિ.

* * *

જૈનનું જીવન એક મહા લાંબી-
સતત લડાઈ જેવું છે.
અને તેજ વખતે લડાઈના ઉડતા તણખાંને
શાંત કરનાર હિમઝરણું પણ છે.

* *

શૌર્યના અભાવે
શાંતિના બુરખા પહેરનારાઓ !
સાંભળો છો ?
કાન ચોકખા કરી જરા સાંભળો !

" જૈન " કદીય નમાલી શાંતિમાં
માનતો નથી.
સ્મશાની શાંતિ તેને પ્રિય નથી.
ચેતનભરી શાંતિનો એ જગજુનો આશક છે.
જૈન તો એવી શક્તિભરી શાંતિની ખાણું છે :
શક્તિમૈયાના મંદિરનો
એ અનંતકાળનો ભવ્ય પૂજારી છે :
શક્તિનો એ પૂજારી હરનિશ શક્તિને શોધે છે.

શક્તિને શોધી તેના પર સંયમની બ્રેક મૂકી
અખંડ, વીરોચિત શાંતિ જાળવે છે :
શૂરાની ' કદર ' એ કરી જાણે છે, ને
ખૂનીની ' નબળાઇ 'ને પણ સમજે છે
માનવીની મનોદશા, જગતનાં દર્દો ને
દુનિયાના પચરંગી જખમો
જોવાનું જૈનમાં ' જીવતું ' હૃદય છે :
એ જખમોને રૂઝાવવા–મલમપટ્ટા કરવા
તે ઉગ્ર તપશ્ચર્યા કરે છે .

* * *

જૈનની સ્વીકૃત ગરીબીમાં સંતોષની છાયા છે.
તેની તવંગરાઇમાં ગરીબોના હિસ્સા છે.
એ રાજા છે ' મન 'નો
સત્તાની ગંધ વગરનો;
સેવક છે સૌનો–
ગુલામીખત લખી નહિં દેનારો !
સુખદુઃખમાં તેની સમદૃષ્ટિ છે.
પુણ્ય–પાપને પારખવાનો વિવેક છે.
તેના આનંદમાં વિલાસની છાયા નથી.

કે ' અહં 'નો ઝેરી ગર્જારવ નથી.
જૈનમાં તો નિર્મળતાના નીર સદા ઝગકે છે:
ગુલાબી સૌંદર્યનો જીવનબાગ ત્યાં ખીલે છે.

* * *

જૈનની 'અહિંસા' 'આદર્શ જૈન'ની અહિંસા—એ
ધગધગતા લોહીવાળા મહાવીરનું
મસ્તાની જીવનસૂત્ર છે.
ભયંકર તોફાનો વચ્ચે પણ સાત્વિકતાના
શિખર પર ચઢી શાંતિથી વિહરતા
બંકિતના ' થનથનાટ 'માં નાચી રહેલા,
ને એ 'થનથનાટ 'ને સમજનાર કોઈ
મહાત્માનો મહાન્ ધર્મ છેઃ તે 'અહિંસા' ધર્મ છે.

* * *

સાત્વિકતાની ચાંદનીના રૂપેરી તેજમાં
અહોનિશ જૈન સ્નાન કરે છે.
નકામી ' પંચાત ' નો કચરો દૂર ફેંકી
' કાર્યસિદ્ધિ ' પાછળ જ તે પડયો રહે છે.

* * *

માયાવી બજારની ઠગારી ચીજો
મફત પણ જૈન સ્વીકારે નહીં,
આત્મસન્માનમાં નિરંતર મસ્ત રહી
મિથ્યાભિમાનને બાળે છે.
પહેલી ને છેલ્લી સદીનો એ મનુષ્ય છે,
પહેલી ને છેલ્લી પળના વિચારો કરી જાણે છે.
મળેલી સત્તા ને સંપત્તિ જૈન જીરવી શકે છે.
લોક-સમૂહમાં સ્પષ્ટ વ્યક્તિત્વવાળો
સાચો જ એ ' મનુષ્ય ' જૈન છે.

*   *   *

જૈનની ભાવનામાં સંગીતની મજા છે.
શબ્દોમાં જીવનનું સત્ત્વ તરે છે.
ચાંતારા ને પીંછીની દોસ્તી,
શિલ્પી ને પત્થરની મૈત્રી,
એવી જ સંધિ જૈન ને 'દિવ્યતા' વચ્ચે હોય:
અને જીવનને રંગતા રંગતા
દિવ્યતામાં મીલાવી દેવું એ તેની 'કળા' હોય.

*   *   *

એની ઘોષણા-સુરોમાંથી જ
ઘેરઘેર વીરનરો ને વીરાંગનાઓ પાકે :
નિર્માલ્યતામાંથી પ્રખર શક્તિનાં
મહાન્ બારકસો ઉભા થાય.

*　*　*

ઉપદેશ કરતાં આચારમાંથી જ જૈન
સૌને સુંદર દ્રષ્ટાંતો પુરા પાડે :
આપભોગના અખતરાઓથી જ
જગતને ત્યાગનો મહામંત્ર આપે.

*　*　*

હરેક 'ચીજ' ને જૈન નવા રૂપો આપે :
હરેક ભાવનાને તે નવું 'તેજ' અર્પે.
કુદરત સાથે આનંદથી વાતો કરે :
પ્રકૃતિને 'પોતાની' કરી નચાવે.
ચેતનને સાથી બનાવે, ને
પ્રકૃતિને હાથમાં રમાડે તે સાચો જૈન :

*　*　*

જીવનની મીઠાશ ને પ્રાણુનો
જૈનમાં વિરલ સંયોગ છે.
એની ચતુરાઇ ને રમણિય છટામાં
આત્માની મહા ઓળખ છે.
વિવેકભરી દયાથી દ્રવે તે જન,
ને આત્મરિપુને હણુનારો તે સાચો જન,
એક હાથમાં મધુર કોમળતા, ને
બીજામાં વીરની તેજસ્વી શૌર્યતા:
બન્ને ભાવનાનો એ પોષક છે.

* * *

જૈનના પ્રેમને બંધન નથી
કાળ કે કોઇ દેશના,
જગત્-મૈત્રીથી ય પર દૂર દૂર
ઇતર દુનિયામાં ય ખેલે છે—પ્રેમ બાંધે છે
નિંદકની વાણીથી 'જૈન' નિસ્તેજ થાય નહીં,
પ્રશંસકનાં ફૂલોથી દબાઈ જાય નહીં.
એ તો નિંદા ને પ્રશંસા, બેયનાં મૂળ તપાસે છે.
મૂળમાંથી થડ જોઇ ભાવી ફળ વિચારે છે.

એનું ઉછળતું વીર્ય નૂતન ફિલ્સુફી રચે છે.
સડેલી, વિનાશક રૂઢીઓને દૂર ફેંકતા
સમાજમાં ઓર ક્રાન્તિ પણ લાવે છે.

* * *

જૈન જડ યંત્ર નથી, જીવતો મનુષ્ય છે,

ચેતનવંતો જાગતો એ પુરૂષ છેઃ
ધબકતો પ્રાણ ને સંયમ બન્ને સાથે તેનામાં
વસે છેઃ

ધબકતા પ્રાણને જીવન જેમ જાળવે, ને
સંયમપંથે 'પરિગ્રહ'ની ગુલામીને
ઓળઘોળ કરી દૂર ફેંકી દે :
પોતાના જીવન માટે જૈન બહુ જ
ઓછાં પરિગ્રહ ઓછી 'જરૂરીયાત' રાખે છે.
અને પોતાના હરેક કર્તવ્યના
નિર્મળ હેતુ ને નિર્દોષ સાધન તપાસે છે.
જગતને પોતે શું ' સુંદર ' આપ્યું ?
એ તેનું સનાતન ગણિત છે,
" સુંદરતા "ના જ બસ દિવ્યતાના જ આંકડા
વધારવા
એ જૈનનું અંનત જીવન-સંગીત છે.

* * *

જીવનમાં જેવી ગર્વિષ્ઠ,
તેવી જ ગૌરવભરી માનવતા મૃત્યુમાં મ્હાણે છે.
મૃત્યુની નિરંતર ભીતિમાં જ
માનવતાનો અભાવો જૈન જુએ છે :
અહિંસાના નામે એ ભીરૂતાને ન પોષે,
આધ્યાત્મિકવૃત્તિનાં નામે કાયરતાને ન ખીલવે:
સંતોષને નામે કર્તવ્યની શિથિલતા ન સેવે.
'વૈરાગી 'નાં નામે જૈન આનંદને દેશવટો ન જ દે:

* * *

જૈનનાં જીવનની પ્રેરક ગંગા
અનેકનાં જીવનને ફળદ્રુપ બનાવે,
સંસારનાં તુચ્છ પ્રપંચો છોડી
આત્માના મધુર સંગીત ગાવાની ધૂન ચડાવે.
વિશ્વમાં સાચા ધર્મનો પ્રચાર કરવા
'જૈન સંસ્કૃતિ 'નાં થાણાં ઠેરઠેર જમાવે,
જૈન-શબ્દથી ન ભડકવાનું કહી
જૈન-ભાવનાનો વિશાળ અર્થ સૌને સમજાવે.

* * *

જૈનની દિવ્ય દુનિયાને છેડો નથી, અંત નથી.
તેની ભવ્ય ભાવનાને કિનારા નથી.
શક્તિને તળીયાં નથી,
સૌનો અંત છે એકમાં—
કેવળ જયની, વિજયની–સિદ્ધિની પ્રાપ્તિમાં:

* * *

જૈનની સૂક્ષ્મ દૃષ્ટિએ
'જ્ઞાનયોગ' એ જ મુક્તિનો જ્વલંત દીપક છે.
'ભક્તિયોગ'ના શિખર પાસે જ
જ્ઞાનયોગની તળેટી સૂતી છે.
તેથી 'ભક્તિયોગ'ના બારે વિસામા વટાવી
જ્ઞાનનું પ્રથમ પગથીયું ચડે છે.
જ્ઞાનયોગનાં બધાં પગથાર ચડયાં પછી જ
સિદ્ધશીલા માટે ઝંખે છે—સાધવા એ મથે છે:

* * *

માનુષી નીતિના કાટલાં
જૈનને મન અધુરાં છે, ઠગારાં છે.
તેથી બીજાના ધોરણ (Standard) પર
પોતાના આનંદને જૈન હરગીજ લટકાવે નહીં.

* * *

ઉંચેથી ગરૂડ શી વેધકદૃષ્ટિ ફેંકી
દુનિયાને જૈન તપાસે છે.
બે-સુકાની દુનિયાને ચોમેર ગબડતી જોઈ
ખડખડ હાસ્ય એ છોડે છે.
વિચારોમાં અખંડ આશાવાદ પ્રેરી
અહર્નિશ હૃદયબળ વધારે છે, ખીલવે છે.
આત્મા ને દેહની તંદુરસ્તી માટે એ
બારીકાઇથી ખૂબ કાળજી રાખે છે.
કારણ! જૈન સમજે છે કે—
મૂડદાલ શરીર ને આત્મા—
વજ્ર શા આદર્શો પચાવી શકે જ નહીં,
લડાયક શક્તિ ને સ્વરક્ષાની તાકાદ વિના
સાચું spiritual strength આત્મબળ

મનુષ્યમાં આવે જ નહિં, ટકે નહીં. (તેથી)
શરીરને કસવું એ પણ એક આત્મધર્મ છે.
આત્માને વસવાના પવિત્ર મંદિર સમા,
શરીરને સાબૂત રાખનાર સાચો આત્માર્થી છે.

* * *

દુનિયાના ઠગારા આકર્ષણો
જૈનને પળવાર પણ આંજી શકે નહીં.
કારણ તે સમજે કે–
બહુ 'નખરાં' તો બજારૂવેશ્યાને જ હોય.
રાજમહેલની 'રાણી' ને–સુંદરીને તો
ચામડી સાથે જ સુંદરતા જડી હોય !

* * *

જૈન 'વ્યવહાર'ને ત્યાંસુધી જ માને–સ્વીકારે કે
જ્યાં સુધી આત્માને બાધક એ ન નીવડે:
સૌ ધર્મોને સમાન પ્રેમથી તે જુએ છે,
અને પોતાના આત્મવિકાસમાં સ્હાયક બને;
એવા ઇષ્ટ, સ્યાદ્વાદ ધર્મને એ પોષે છે:

* * *

જૈન 'લખવા ખાતર' લખે નહીં,
બોલવા ખાતર બોલે નહીં,
જીવનખેલો ખેલતાં જ સહજ કાંઈ લખાઈ જાય.
ખેલો ખેલતાં જ સ્વાભાવિક બોલાઈ જાય :
ખેલની વાચા એ અનુભવનું જ્ઞાન-સત્ત્વ છે.
અને અર્થહીન વાચામાંથી સરેલા શબ્દો તો
કૃત્રિમ કલ્પનાનાં કાચા રંગો છે.
તેથી પંડિતદશાને—વાચાળતાનેપાછળ મૂકી
'શોધકદશા'તે સ્વીકારે છે.
વિસંવાદી જીવનને બાળી
સંવાદી જીવનના તાર ઝણઝણાવે છે.

* * *

"ડૂબતાને તારે તેજ સાચો ધર્મ"
એટલું જ માત્ર જૈન શીખે છે.
આત્મ 'સ્વાતંત્ર્ય મંદિર'નાં પાયા નાંખે
એજ તેનો ઇષ્ટગુરૂ છે.

* * *

સદ્ભાવ ને ભાવના હૃદયમાં તુરત ઝીલે છે,
વ્યવહારિક જીવન કરતાં
આદર્શમાં તે બહુ મ્હાણે છે, રમે છેઃ
દુર્ગુણીની દયા ખાઈ
સગુણીની નિરંતર પૂજા કરે છે.
વ્યક્તિ-સ્વાતંત્ર્યમાં ખેલી
સ્વચ્છંદતા સામે હરનિશ બળવો જગાવે છે.
'વ્યસન' કે 'સુસ્તી'
'જૈન' માટે કદીય સર્જાય નહીં.
એ બંધનો પાળે, નિયમો જાળવે,
પણ આત્માને બાધક-આત્મતેજને હણનાર
નિયમોને ફેંકતા તેને વાર લાગે નહિં.

* * *

આત્મશ્રદ્ધાના નાવમાં બેસી
નિડરતાથી લાંબી સફરો ખેડે છે.
વિવેકના વાવટા નીચે
પોતાના વ્યક્તિત્વને જૈન જમાવે છે, ચમકાવે છેઃ
રાગદ્વેષથી દૂર, ને

કર્મરિપુના સંહારક
અરિહંતનો એ સાચો ઉપાસક છે.
ઉપાસ્યને ભેટવા રે! અરિહંત બનવા,
સર્વે યત્નો એ અજમાવી ચૂકે છે.

* * *

અનંતજ્ઞાન, અનંતદર્શન
અનંતચારિત્ર, અવ્યાબાધ સુખ,
અક્ષય સ્થિતિ ને અરૂપીપણું,
અગુરૂલઘુ અનંત વીર્યના
ધારક 'સિદ્ધ' પ્રતિ—મૂક્તાત્મા તરફ
જૈનની દૃષ્ટિ દોડતી છે, સિદ્ધિને પામવા મથે છે :

* * *

પંચેન્દ્રિયનો નિગ્રહ કરે, ને
પાંચ મહાવ્રતો—
પ્રાણાતિપાત ને મૃષાવાદ,
અદત્તાદાન ને મૈથુન, અને પરિગ્રહ વિરમણવ્રત
જે મન, વચન, કાયાથી પાળે છે,
પાંચ આચારો શુદ્ધ દિલે આચરે છે,

ને પ્રેમપૂર્વક આચરાવે છે,
તે 'જૈન' નો પ્રિય આચાર્ય છે : ગુરૂવર છે.

* * *

'જૈન' દયા કરે છે—ખૂબ દયા કરે, પણ
બકરાંને કપાવી—
કસાઇને અભયદાન ન દે ! રે ન જ દે !
પારકાના જોખમે પોતાના અખતરાં ન કરે :
ગરીબોનાં લોહીથી પોતાના બંગલા ન જ ચણે.

* * *

સામાન્ય જનસમુદાય (Masses) નાં ટોળાં
જૈનની કોર્ટમાં—મનોમંદિરમાં
રમતાં મૂછાળા ફીકલાં, બાળકો જેવાં છે :
એમના—દુનિયાદારીનાં ડહાપણ
Logicનાં તરંગી શિખરો
જૈનની જ્ઞાન તળેટી નીચે ગબડતાં હોય.
'વ્હાઇટ વોશ' ની કળામાં
જૈનનાં જમે પાસે મોટું મીંડું ૦ છે.
જેવા હોઇએ—તેવાજ દેખાવું,

એજ તેના નિર્મળ હૃદયનું દર્શન છે.
શ્રાવકનાં બાર વ્રતોનાં સ્થૂળ દષ્ટિએ
પચ્ચખાણુ લીધા હો વા ન લીધા હો !
પરંતુ " આંતર અવિચળ પ્રતિજ્ઞાવાન્ " હોવાથી
Instinctivly સ્વાભાવિક જ
જૈન એ વ્રતો શ્વાસની સાથે પાળતો હોય :
વ્રતોમાં લેશમાત્ર દોષ આવતાં
તુરત આત્મસાક્ષીએ પ્રાયશ્ચિત પણ કરી લે છે :

* * *

જાણતાં અજાણતાં થયેલી,
ભૂલોની માફી તે માગે છે,
પણ માફી માગતાં પહેલાં.....................
માફીનું કારણ જાણવા પ્રયત્ન છે.
કારણ જાણીને પોતાને ' નોટીસ ' આપે છેઃ
પુનઃ ભૂલ ન કરવાની
સંપૂર્ણ સાવચેતી રાખે છે,
ને પછી સામાની ક્ષમા અંતરથી યાચે છે.
લોકોની બાયલી સહાનુભૂતિ ખાતર–
ગાડરોને ગંધાતા વ્યવહારીયાઓને પ્રિય થવા,
નહીં કરેલા અપરાધની પણ નબળાઈથી

ક્ષમા યાચી પોતાના આત્માનું
' લાયબલ ' જૈન હરગીજ નહીં કરેઃ ન જ કરે !
આત્મદ્રોહ જૈનની પ્રકૃતિમાં ન હોય !

* * *

વેવલાપણું કે સ્વાર્થીપણું,

તુચ્છતા, અહંકાર કે ખટપટ :
એ સૌ ડાકિણીઓ જૈનથી દૂર હોય !
સંસારનાં આ કપટમય પડદા પર પણ
સરળતાથી શુદ્ધિપૂર્વક રહેવામાં—ફરવામાં,
જીવનમાં જીંદગીની ખૂબી ' જૈન ' મ્હાણે છે !
' જીવનકળા ' ખીલવવા તપ તપે છે,
તપીને, અંદરની ને બહારની દુનિયાને
એકતાન બનાવે છે. મધુર ને દિવ્ય બનાવે છે.
સહાય આંતરશુદ્ધિ કરી પાત્રતા કેળવે છે,
પોતાની પાંગરતી શક્તિઓને કેન્દ્રિત કરી,
ચોક્કસ ધ્યેય તરફ વાળે છેઃ
'ધ્યેય'ને સાધવા ઉગ્ર તપસ્યા આદરે છે.
રે ! ફના થવાની ખુમારી સાથે
ઉત્સાહપૂર્વક સુંદું મંથન એ માંડે છે,
ને સિદ્ધ કરે છે કેઃ—
પ્રામાણિક—સાચી સાધનાને કશું ય અસાધ્ય નથી.

મુક્તિનાં માર્ગોની શોધમાં જ
ખરચાઇ જનારને મુક્તિ સુંદરી વરેલી જ છે,
'જીતવાની ખૂમારી'માં જ મૂક્તિનો વાસ છે.
અને મુક્તિને સાધવાની-મુક્ત થવાની
તાકાદ હરકોઇ 'આદર્શ જૈન'માં ભરેલી છેઃ
એ સાધકને આદર્શ 'જૈન' નામ આપો,
કે આદર્શ 'વીર' કહો બન્ને સરખું છે.

*   *   *

યોગી, યોદ્ધો ને પ્રેમી
ત્રણેનો મનહર સંગમ તે જૈનઃ
એ ત્રણે ધાતુની જ્વલંત મૂર્તિ તે આદર્શ જૈન.

*   *   *

શાંતિ, શાંતિઃ
ઓ પ્રિય જૈન! સૌમ્ય સ્વરૂપ!
તુજ દર્શને સહુ પાવન થાયઃ
પતિતતાના પાતાળમાંથી દર્શનાળુ
અભ્યુદયના અમરલોકમાં ઉડે.

*   *   *

જગતના હજારો-લાખખો પ્યાલામાંથી,
જૈનનું આવું એકાદ જ મૂલ્યવાન
મીઠું ને તેજીલું મિશ્રણ મળેઃ મૂર્તિ ઘડાય.

એ આદર્શ જૈન, ઉંડું વહેતીયાણુ ઝરણાના નીર
પ્રજાના દિલ ડોલાવે, દુનિયાને રંગીલા બનાવે.
વિશ્વને ગુલાબી પલટો આપે,
સંસ્કારભીની ઉર્મિઓ, પીનારમાં જગાડે,
ને જીવનમાં સુધાનું સિંચન કરેઃ
લોકો Masses માંથી
લોકોત્તર પુરૂષ–જૈન
આવા આદર્શ જૈનો–વીર પુરૂષો
દુનિયામાં બહુજ ઓછા છે, રે! દુષ્કાળ છે.

* * *

જૈનધર્મ એ, બધાને માટે
વિશ્વના સમસ્ત માનવ સમાજ અને પ્રાણી
માત્રને માટે,
થાકયા પાકયાનો સુંદર વિસામો છે.
Most Glorious
ક્રાંતિવંત આશ્રયસ્થાન છે.
આદર્શ જૈનો–આવા તેજસ્વી પુરૂષો
પકાવવાની એ મહાન્ શાળા છે.
જગતના સર્વે ધર્મોનું
એજ સંગમ સ્થાન છે, અંતિમ એજ સાધન છે.
જય હો! જય હો! 'જૈન' તારો!
અને એ ભાવી વિશ્વધર્મ–જૈનધર્મનો જય હો!

ૐ

જૈન ભાવના

(આદર્શ જૈન પ્રતિપળે આ ભાવના ભાવે)

ઓ પ્રિય જૈન
મારા નિજસ્વરૂપઃ
આનંદમસ્ત યોગી !
સાંભળ ! ઓ મુજ આત્મા, સાંભળ !
દુનિયાની સર્વે સમૃદ્ધિ ને ખજાને
તું જ છે ! ઓ હસતા બુલબુલ !
જગત્ તારૂં-મ્હારૂં જ સરજેલું છે.
વિશ્વ માત્ર મારી જ કલ્પના-વિચાર છે.
મનના વિચારો જ મૂર્તસ્વરૂપ પામે છે;
એ સ્વરૂપ એટલે જ આ દુનિયા.
હું જ દુનિયાને સરજનહાર છું, હું જ કર્તા છું.
વિશ્વ મારો બાગ છે, હું તેનો માળી છું.

બાગનો માળી જેવાં ફૂલોની કલમ રોપશે,
તેવા જ ફૂલોની સુગંધી જગતમાં ફેલાશે.
જગત મારૂં છે—કોના પર હું ક્રોધ કરૂં?
જગત્ મારૂં છે—કોની સાથે મૈત્રી ન કરૂં?
જગતના સહુ જીવો! ઓહ પ્રિય!
તમે સૌ મારા આત્મસ્વરૂપો છો.
એકજ માટીના આપણે પૂતળાં છીએ.
વસ્તુના નામ માત્ર જૂદાં છે, પરંતુ વસ્તુ એક છે.

* * *

જગતના જીવો! તમે સહુ મારા પ્રિય
બાંધુઓ છો, બધા જ મ્હારા બંધુઓ છો.
ભાઇના સુખઃદુખમાં ભાઇનો હિસ્સો છે.
પ્રિય આત્મસ્વરૂપો! કાં રઝળો છો?
આ 'બહાર'ની દુનિયામાં? છી છી....!
તમે તો દિવ્યતાના આહકો! ચાલો.
જગત્વ્યવહારના ભારથી, ને બંધનોના બોજાથી
કચરાઇ ગયેલાઓ! વ્હાલા ભાઇઓ! ચાલો.
ચાલો 'દિવ્યતાની' ખોજમાં—

દ્રષ્ટિ બહારથી ખેંચી–' અંદર ' અવલોકીએ !
અંદરના દેવમંદિરમાં આવશો તો,
તમને અંતર્યામિનો અવશ્ય ભેટો થશેઃ
આવશો ?

* * *

આહા ! સર્વ સુખ ને શાંતિ અંતઃકરણમાં છે.
તેથી અંતઃકરણમાં જ ચાલો શોધીએ.
તું જ—હું જ આલ્હાદ, સુખ ને જ્ઞાનનું પુંજ છે.
જગતમાં કાં શોધે ? એ ભૂલકણા !
એ 'મેળવેલી' વસ્તુ છે–મેળવવાની નહીં, માત્ર
'મેળવેલી'ને પ્રગટાવવા પુરૂષાર્થ મારે કરવાનો છે.
ઇચ્છાઓમાં ગુરૂત્વાકર્ષણ સમી પ્રબળ શક્તિ છે.
શુભ ઇચ્છા, શુભકાર્યને હરહંમેશ ખેંચે છે.
વિચારોમાં મહાશક્તિ છે,
ને દુનિયાના ઘાટો 'પોતા' જેવા જ ઘડે છે.
વિચારોમાં પુનર્જીવનની સુંદર કળા છે.
વાતાવરણમાં એ નવનવી ભાત પાડે છે.
તો પછી જગતને હું શા માટે—
મારી દિવ્યદ્રષ્ટિ, દિવ્ય વિચાર,

ને દિવ્ય ભાવનાથી 'દિવ્ય' ન કરે ?
ઓ આત્મસ્વરૂપો ! ચાલો, દિવ્યતાના પંથે.

* * *

"મનુષ્યત્વ"ની હું દીક્ષા લઉં છું—લીધી છે.
દિવ્યતાના પંથે હું પડું છું.
આત્માની જ્યોતિ જેવા
એ મુક્તિના મનોહર શિખર પર હું ચડું છું.
આશા ને પ્રભુતામય દૃષ્ટિથી, અડગ પગલે,
શ્રદ્ધાભર્યા દિલે હું સિદ્ધિના શીખરે ચડું છું.
પ્રભાતની આશાપ્રેરક તાજગી લઇ
સંધ્યાના ઠગારા રંગોને પીઠ દઇ
હું મુક્તિનાં પર્વત ઉપર ચડું છું:
માર્ગો કઠિણ છે—પણ ધ્યેય સુંદર છે.
કઠિણતાને સુલભ કરવું, એ તો મારો ધર્મ;
વીરધર્મ જ છે ને !
માનવદેહ મોક્ષસાધનાનું ફળદ્રુપ ખેતર છે.
ઋતુએ ઋતુમાં સત્કાર્યોના મોલ જેટલા
બેસશે—તેટલી સાધના જીવનમાં ફળશે.

* * *

આત્મા–પરમાત્માના દીર્ઘ ચિંતનમાં હું
'ડુબી' રહી બહારની સકળ ઉપાધિને ઉવેખીશ.
ત્યારે જ 'ફિલ્સુફ'ની મધુરી તૃપ્તિ
હું પેટ ભરી ભરીને અનુભવીશ.
અનંતની સાથે સંપૂર્ણ
'તાદાત્મ્ય' સાધીશ–એક થઇશ 'અહં'ને ભૂલી
સાક્ષાત્ સ્વયંભૂ–તેજનો પણ તેજ હું થઇશ.
સ્વયંભૂ તો છું જ–સ્વયંભૂ 'સિદ્ધ' કરીશ.

* * *

મારી જીવનલીલા હું સદાય વિસ્તારીશ,
એ લીલામાંથી બળ ને શાંતિ મેળવીશ.
દરેક ક્રિયાઓની સાર્થકતા–
સમજવા રાતદિન હું પ્રયત્ન કરીશ,
"સ્વીકારવા" પહેલાં સમજવાનું ચાહીશ.
મારા સ્વસ્વભાવમાં હું મસ્તીથી 'રમણ' કરીશ,
અને આનંદસ્વરૂપની ભાવના ભાવી
'આનંદ'–પરમાનંદ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરીશ.
મારો આનંદ કોઇ છીનવી શકે નહીં,

મને 'બીજો કોઇ' આનંદ આપી શકે નહીં,
હું જ મારા આનંદ-સુખનો સૃષ્ટા છું.
દરેક ધાર્મિક કૃત્યો હૃદયના ઉમળકાથી કરીશ.
મારી મુખમુદ્રામાંથી જ દયા ને શાંતિ વહાવીશ.
યતનાપૂર્વક દરેક વચન બોલીશ,
સાવચેતીપૂર્વક સ્વતંત્રતાથી દરેક વિચાર હું કરીશ.
લોકૈષણા કે નૈતિક નિર્બળતા
મારા સત્ય-કથનને કદાપિ ડારી શકે નહીં.
પરિગ્રહનો ભાર, મને કચરી શકે નહિં.
કે ચિત્તની શાંતિને કોઈ ડહોળી નાંખે નહીં.

* * *

હું રાતદિન જ્ઞાનપૂર્વક જાગ્રત રહીશ.

* * *

હું હસીશ—જગતને ખૂબ હસાવીશ.

હસાવી હસાવી સૌને આરામ આપીશ.
આત્માની પ્રસન્નતા ચિરકાળ ખીલતી રાખી
એ શીતળતાના આરે સૌને વિશ્રામ આપીશ:

મિત્રની ઇચ્છા ને દુશ્મનની ઇચ્છા,
બેયને 'મારી' પોતાની સમજી એકતાર થઇશ,
ને અભેદમાર્ગનો સાચો પ્રવાસી બનીશ.
આત્માનું બહુમૂલું રસાયન લઇ,
'સત્ય'ની શોધમાં દશે દિશાઓમાં વિચરીશ.
દરેક વસ્તુ પર પ્રભુતાની સુંદર છાપ મારી
પ્રભુમય દૃષ્ટિથી હું દોડીશ:
પ્રતિપળે હું સર્વજ્ઞ–સર્વશકિતમાનની
શકિત મારામાં ખેંચવાની ભાવના ભાવીશ.
સર્વજ્ઞ–સર્વશકિતમાન મારાથી દૂર નથી,
પણ મારા અંતરમાં જ એ દેવાધિદેવ
શાંતિથી વિરાજેલો છે:
આ જ્ઞાન હું ઘુંટીઘુંટીને હૃદયમાં રાખીશ.

* * *

હું દરેકના દરેક દોષ સાવ ભૂલું છું.
મારા જીવન–આદર્શોને જાગતા રાખું છું.
મારી શાંતિને કોઇ ભરખી શકે નહીં
એવી શાંતિના સૌને ભાગીદાર બનાવીશ.

આત્મવિકાસનાં રૂપેરી અજવાળાંઓ
હું સૌનાં પર ઉદારતાથી પાથરીશ.
પ્રેમભાવનાનાં મીઠાં શરબત સૌને પાઇશ.
આત્મશુદ્ધિની ચાંદનીની ઠંડક સૌને આપીશ,
ને સૌને સારા આશીર્વાદ દઈશ!

*   *   *

રાગદ્વેષની જાળને દરિયામાં દૂર ફેંકીશ.

અખંડ આશા ને ઉત્સાહનું ભાતું રાખી ફરીશ,
દરેકમાંથી હું 'મારૂં' દર્શન સહાય શોધીશ,
ને હું 'મને' બરાબર સાંભળીશ.
એ સાંભળેલા શબ્દોઃ—
એ મારા સુંદર વિચારોને સમજી હું
મનુષ્યજાતિ વચ્ચે છૂટથી વહેંચીશ.
હું મારા કર્તવ્ય પર 'કરડી' નજર રાખીશ.
હુંજ મારો ન્યાયાધીશ, જ્યુરી ને
અપીલની છેલ્લી હાઈકોર્ટ છું.
હું જોઉં છું, સાંભળું છું, જે કંઈ વિચારૂં છું,
બોલું છું, કરૂં છું, ને જેમ રહું છું,

તે બધું મારા આત્મકલ્યાણ માટે, ને
વિશ્વકલ્યાણની દૃષ્ટિએ જ કરૂં છું !
ક્યાં છે વિશ્વમાં વિશ્રામ ?
સજીવ ચેતનાત્મક બળપ્રેરક વિશ્રામ ?
ક્યાં છે ? એ અનંતશાંતિની શોધમાં હું ભમું છું.
મારૂં મન પવિત્ર છે, તો
મારો-તારો-સકળ વિશ્વનો આત્મા ચડે છે:
ચડે છે કે પડે છે-
તે જાણવું એજ જીંદગીનું 'નૂર' છે.
એ જ સાચું આત્મજ્ઞાન છે:

* * *

હું ઝંખું છું, અનંત કાળથી ઝંખું છું.
એ પરમ પુણ્યપ્રકાશને !
આત્મિક પ્રકાશના
સાત્વિક સ્વરૂપને હું નિમંત્રું છું.
ઓ સમ્યક્ જ્ઞાન-પ્રકાશ આવ !
ઓ પ્રેરણાદાયી પ્રકાશ આવ. આવીને ઉજાળ !
એ પ્રકાશ, મુજ પથિકની
મોંઘી મૂડીરૂપે ચિરકાળ મારી સાથે હો !

* * *

હું શુભદર્શી સદાય Optimist છું.
ને Optimistic ભાવના જ હરનિશ ભાવું છું.
આત્માની છુપી શક્તિઓને દેખું છું.
આત્મબળ ખીલવે એ જ શક્તિને પૂજું છું.
ઉપયોગપૂર્વક શક્તિની ખોજ કરૂં છું.
શોધીને એ શક્તિથી સૌને શીતળતા આપીશ,
એ 'પ્રકાશ'થી સૌને રસ્તો બતાવીશ.
મારી ઉત્ક્રાન્તિ ભવ્ય એકાંતમાં જ છેઃ
એકાંતમાંજ મારા 'સૂરો' મને સંભળાય છે.
Meditation ધ્યાનથી પવિત્ર થઈશ,
ધ્યાનથી જ આત્મસંતોષ મેળવીશ,
ધ્યાનથીજ મને પોતાને 'હીપ્નોટાઇઝ' કરીશ.
"મને કોઈ વસ્તુ અસાધ્ય નથી"
એજ મારા ધ્યાનનો 'ધ્રુવ' તારો છે.
સંકલ્પ માત્રથી જ—દૃઢ સંકલ્પથી જ
હું મહાન સમૃદ્ધ થઈ શકું છું.
એ જ્ઞાન મ્હારામાં હું ભરીશ.

* * *

મારા વ્રતોની આગળ વિવેક-જ્ઞાન વહેતું હો !
મારી દયાની પહેલાં સાચું જ્ઞાન ઝરતું હો !
મારો ધર્મ સ્વતંત્રતાની પરિસીમા છે.
તેથી મારી અનંત આંખો,
અનંત દર્શનના બળે
સિદ્ધશીલા-મુક્તિ સુંદરીને વરશે,
વરીને ચિરકાળની શાંતિ પીધા કરશે.

* * *

આર્યત્વના ઝળહળતા શિખરનો હું મુકૂટ છું.
નસેનસમાં દૈવતવાળા
ઓ માનવ પ્રાણુ ! તું કેટલો અદ્ભુત છે ?
સ્વભાવે તું દેવ સમો છે-થઇ શકે છેઃ
તુંજ મહાન શક્તિ છે,
દિવ્યતાનું મનોહર મંદિર તુંજ છે,
પ્રભુતાની ઉંડી ગુફા છે;
તું જ જગતને ચેતના આપી શકે છે.
તુંજ અજ્ઞાનસાગરમાં દિવાદાંડી સમ ચમકી રહે,
તુંજ વિશ્વને જીવનનું સાચું ધ્યેય અર્પી શકે.

રે ! તું-તું જ એ પવિત્ર આત્મા !
જગતનું સાચું મધ્યબિંદુ છો.
મધ્યબિંદુથી તું જગતને ચોમેર ફેરવી શકે.
જગતનો બ્રહ્મા તું જ હોઈ શકે, રે ! હું જ છું.
મારા પવિત્ર વિચારો પર
મારૂં સંપૂર્ણ સ્વામિત્વ કેળવી
હું 'મને' શ્રદ્ધાથી ભરીશ-શ્રદ્ધાથી નિહાળીશ.

* * *

"પોતા'માં શ્રદ્ધાળુ આત્માઓ !
બોલો ! જગતને આપ કેવું રૂપ આપશો ?
જગત આપણા કાર્યોનો જ માત્ર ફોટો છે,
આપણા વિચારોની જ એ પ્રતિકૃતિ છે.
વ્હાલા આત્મસ્વરૂપો ! આવો !
આપણે સદાય અંતરના ઉંડાણમાં શ્રદ્ધાપૂર્વક
વ્યક્તિગત ભાવના ભાવીએ કેઃ—

* * *

શ્વેત મંજરી જેવું નિર્મળ,
વિશુદ્ધ, નિર્દોષ ને પવિત્ર જીવન હું જીવીશ.

એ ઘડી ઠરી જવાનું જગતને મન થાય,
એવો જીવનનો શીતળ વિશ્રામઘાટ બાંધીશ.
ઉકળેલી દુનિયાને મારાથી આરામ મળે,
એવો હું શીતળ આંબો બનીશ.
સત્ય ને અહિંસાથી આત્માને પખાળીશ.
પ્રેમ ને પ્રભુતાથી વિશ્વ પર શાસન કરીશ.
જગતના કલ્યાણથી ખૂન પહેલાં
મારૂં 'નિઃસ્વાર્થ' કલ્યાણ સમજીશ.
કારણ? જ્ઞાન વિનાનો ગુરૂ
દુનિયાને શાપરૂપ છેઃ સાધુતા વગરનો સાધુ,
અને માનવતા વિનાનો માનવી
જગતને ભારરૂપ છેઃ

* * *

પ્રિય સંસ્કારની વ્યાપક ને
દિલભર હું પૂજા કરીશ.
હું 'મને' પોતાને સંપૂર્ણ વફાદાર રહીશ—કારણ!
પોતાની વફાદારી એજ મારા જીવનજહાજનો
ધ્રુવ છે!
મારી ઝુંપડીમાં મને મિઠાશ છે.

બીજાના મ્હેલો મને નકામા છે.
અંતરના અણુયે અણુમાં
અનુકંપા ને દયાદ્રતા હું સંઘરીશ.
વિચાર, વાણી ને વર્તનથી
કોઇને મારાથી રજ માત્ર દુઃખ ન હો !
સંભાળીશ !

* * *

સંસારના કરુણ, રૂદનો હું સાંભળું છું.
સ્હાયે જવા હું દોડું છું..........
પણ 'જગત કંગાળ છે–મારી
સ્હાય માટે સહાય પાંગળું છે'
એમ સમજી જગતનું અપમાન હું કેમ કરૂં ?
સ્હાય કરીશ–પણ તે દોડાવવા માટે,
પાંગળાને વધુ પાંગળા બનાવવા નહીં.

* * *

ધર્મ એ મારે માટે છે.
હું ધર્મને માટે નથી.
મારી 'દિવ્યતા' પ્રગટાવે તેજ મારો ધર્મ !
દિવ્યતાનો સાક્ષાત્કાર કરાવે એ જ મારો ધર્મ !

પ્રિયમાં પ્રિય વાસનાને 'વીંધવી'—એ મારૂં કર્મ !
શુષ્ક પ્રાર્થના કે પશ્ચાતાપના બખેડા નહીં;
પરંતુ માનવતા પર દેવત્વના
'સિંહાસન' રચવાં એજ મારો આદર્શ !
તુચ્છ વાદવિવાદો મને પસંદ ન હો !
મારે તો સિદ્ધાંતોને જીવનમાં 'પચાવવા' છે.
મોક્ષના સાક્ષાત્ દર્શન કરવા છે,
મોક્ષની શાબ્દિક પ્રીત્મો નહીં.
નિર્વાણનો પ્રકાશમાન પંથ શોધવો છે,
નિર્વાણના 'નવરા' તડાકા નહીં.
ચકાવા લેતી જગતની માનસિક તુલા
સ્થિર કરી વિજય હું જરૂર વરીશ,
ને મૃત્યુ પછી આલોક ને પરલોકમાં
મીઠી સુખદ યાદગીરીઓ ઉભી કરીશ.

* * *

લોહીથી છાતીપર હું લખું છું............
" ડરીશ ના કોઇથી કે કશાથી. "
આ ક્ષણેજ નિડરતાપૂર્વક કામ કર !
ગમે તે પવિત્ર કાર્યોની પાછળ

કોઈ અદૃશ્ય શક્તિ તારો સ્હાયે ઉભા છે.
હું વિચારો જેવું વર્તન રાખીશ.
સ્થળે સ્થળે જ્ઞાનની પરબો બાંધીશ.
સુજનતાની દિલખુશ લ્હેરો ચોમેર છોડીશ.

* * *

અખૂટ શ્રદ્ધા ને અનંત ધૈર્યથી,
સહાનુભૂતિ ને વિશાળ દૃષ્ટિથી
જગત પર હું કલ્યાણ પગલાં પાડીશ.
જીવન અને કાળની પ્રત્યેક
અવસ્થાને પવિત્ર માની હું પૂજીશ.
દરેકમાંથી છૂપું સૌંદર્ય બળ શોધીશ.
મારો પ્રેમ જગતના દોષો પીશે;
ને દોષો પીતાં, તે જગતને જીતશે!

* * *

હું શાંતિ શોધું છું—શાંતિ ક્યાં છે ?
નિર્જીવ શાંતિ નહીં.........
મનુષ્યત્વને હણનારી 'વિષમય શાંતિ' નહીં.

યોગીને છાજતી પરમ શાંતિ જોઇએ,
સૈનિકને છાજતી વિશાળ શાંતિ જોઇએ,
રસમય, ભવ્ય ને 'જીવતી' શાંતિ જોઇએ!
સદાય 'યુદ્ધ વચ્ચે' ઉભા રહેવા છતાંય—
છતી શક્તિએ આત્મા 'અડોલ' રહે;
એવી પરમ શાંતિનો હું ચાહક છું, પિપાસુ છું.

*   *   *

હું સાચો મનુષ્ય-જિતેંદ્રિય બનીશ.

એકાંતના નિર્જન સ્થાનમાં
યૌવનમસ્ત મોહક સુંદરીનું જોબન પણ
મારી હાજરીમાં ખૂબ પવિત્ર રહો!
સંયમ સાધે તે વીર—બળવાન!
સ્ત્રીના મોહબાણુથી જે ન વિંધાય તે જ સાચો
પુરૂષ!
જિતેંદ્રિયતાની શક્તિથી હું પાકો 'વીર' બનીશ.

*   *   *

સંસારની અસરોથી 'પર' રહી

અસરોને જ હું 'મારા' માંથી જન્માવીશ.

સંસારના મીથ્યા આડંબરો તજીશ, અને
આત્માને રાતદિન જાગૃત રાખીશ.
જીવનનાં ગઢ પાછળ નીતિની સુંદરલીંટી દોરીશ.
મ્હારા આનંદભર્યો જીવનને જાળવવા
લોભ કે ક્રોધ, મોહ ને માયા,
સ્પૃહા ને ઈર્ષાની ડાકિણીઓને દૂર હાંકીશ
સૌંદર્યના મોહ, કીર્તિના મદ,
સંસારના લોહચુંબકો, સંશયો ને તૃષ્ણાઓઃ
આ બધી મોહજાળો હું તોડીશ.
સંસારમાં રહીને—
સંસારીના વેષ સજીને પણ—
પ્રમોદભવનોમાં નિરંતર વસીને પણ—
આ મોહજાળો તોડીશ–વિરાગીપણે રહીશ!
'સંસારી સાધુ' બનીશ—
ને બતાવીશ કે આનું નામ સાચો 'વૈરાગ્ય'
આનું નામ વીરોચિત 'વૈરાગ્યઃ'
વૈરાગ્યનો આ પણ એક ઉજ્વળ ફાંટો છે.
એવું માનપણે દર્શાવી વૈરાગ્યનો સાચો આદર્શ
જનસમાજને પૂરો પાડીશ.
જળમાં રહેવા છતાં હું

કમળ સમ નિર્લેપ જીવન જીવી બતાવીશ !

* * *

એક ડગલું 'આગળ'—

સ્વયં સ્ફૂરિત ત્યાગથી આત્માને ઉજાળીશ.
જે ત્યાગ જગતને શાંતિ આપશે.
સર્વત્ર અદ્દભૂત જીવનની સુવાસ ફેલાવશે.
સ્નેહીઓની નાની "ઘોલકી" (ઝુપડી) છોડી
હું વિશ્વના વિશાળ સ્નેહ 'સર્કલ'માં પ્રવેશીશ.
સંસારીઓનાં સ્નેહભીના વાત્સલ્યો
મને ડગાવે નહીં, ડગાવી શકે નહીં.
પ્રતિપક્ષીના વિષમય તીરો
મારી અનુપમ રમણીયતાને વીંધી શકે નહીં.
મોહમય સંસારના આકર્ષણો,
અને ઓ ! તેના ભયંકર વમળો !
પાછા ફરો ! અહિંયાં તમારૂં કામ નથી.
આ દરીયાવ દીલને સંસાર બાંધી શકતો નથી.
હ્રદયનો પ્રેમ ને વિશ્વકલ્યાણ ભાવના જ
મને આગળ ધકેલશે ! ને–અહાહા !
મારા તરફ જોઈને જગતને ઓર સુધા મળશે !

સાચો 'વૈરાગ્ય' એટલે 'હૃદયનો બદલો'
સાચો 'ત્યાગ' એટલે 'અંતરપલટો'
એ ત્યાગભાવના માત્ર વેશ માગતી નથી,
પરંતુ પલટાયલા દિલનો રંગ યાચે છેઃ
એવા રંગભરી કલ્યાણભાવનાનો પ્યાલો
ઉભરાઈ જાય, ને
જ્યાં જ્યાં તેનાં પ્રવાહો વહે...ધસે–
તેનું નામ 'આગળ'! એજ 'પ્રગતિ'!
એજ સાચો ત્યાગ! હું એવો ત્યાગી બનીશ.

* * *

આકર્ષણ ને નિરાકર્ષણથી હું દૂર છું.
બાદશાહનો બાદશાહ 'હું' પોતેજ છું.
પ્રભુનો પ્રભુ મારી તહેનાતમાં છે.
અહો! હું જ મારી 'સેવા'માં ખડો છું....
ક્ષણભરની આ ભવ્ય ભાવનાથી,
હું શકિતનો ધોધ પીતો 'મને' જોઉં છું.
દિવ્યતાની શોધમાં–ભાવનામાં
પ્રકૃતિઓને ખૂદ દાસત્વ સ્વીકારતી પેખું છું.
માનવશક્તિની સંપૂર્ણ કલાઓ હું ખીલવું છું.

પ્રસન્નતાની મૂર્તિ થઇ જગતમાં હું ફરૂં છું.
માનવીની સનાતન લક્ષ્મી
ને પ્રભુતાની પરમ ઔષધિરૂપ
આશા, ઉદ્યમ ને ઉચ્ચ ભાવનાનો
હું જીવનભર પાલક છું-જીવનભર રહીશ.

* * *

મારૂં તેજીલું વીર્ય ઉચ્ચ આનંદોને શોધવા દોડશે,
ને પરમ સિદ્ધિ પ્રાપ્ત કરશે.
હું અર્થ વગરના વ્યાપારથી પાછો ફરીશ.
સમતોલવૃત્તિ જાળવવા હું સહાય મથીશ,
અને આત્મરમણતામાં જ જીવીશ ને મરીશ
સમાન-ગુણી સાથે મૈત્રીભાવના,
દુઃખી ને અજ્ઞાનજનો તરફ કારૂણ્ય-ભાવના,
ઉચ્ચ જ્ઞાની-ગુણી સાથે પ્રમોદભાવના,
ને હલકાજનો તરફ માધ્યસ્થ-ભાવના ભાવીશ,
નિરંતર 'સ્વાધ્યાય'માં જવાનો હું મંત્ર જપીશ,
સઘળા કુવિતર્કોને તજી 'કાયોત્સર્ગ' કરીશ,
સર્વે જીવાયોનિને ખમાવીશ, ને
'અનર્થદંડ'થી વિરક્તિ લઈશ.

Passive નિષ્ક્રિયતામાંથી નીકળી
Active ક્રિયાકારક ' સામાયક 'માં હું પ્રવેશીશ.
અને વિવિધ જંજીરોથી જકડાયેલા આત્માને–
જડતાથી મુક્ત કરીશ.
મૂઢહાળ સ્થિતિમાંથી ચૈતન્યમાં આવીશ,
સ્થિતિચૂસ્તતામાંથી દોડતા 'ઝરામાં' વહીશ.
સમર્થ આત્માઓની છાયામાં હું વિકસીશ,
ને સાચું ' પરમેશ્વરત્વ ' સાધીશ. પ્રભુ બનીશ!
કુદરતની યોજનામાં મને વિશ્વાસ છે,
મારી આત્મશક્તિમાં મને સંપૂર્ણ શ્રદ્ધા છે.
હું ચક્રવર્તિ છું...હું સર્વસ્વ છું.
વિધિના પૈડાં હું જ ફેરવું છું,
વિધાતાના રથનો 'હું' જ મહા સારથિ છું,
હું ભકત ને ભોકતા છું.
હું પુરૂષ છું, સાચો વીર છું.
પાકો પુરૂષાર્થી છું. મહાવીર છું!

* * *

હું પોતાને ' ભાષણુ ' Auto suggestion દઈ
મનોબળ (will to-Power) કેળવીશ.

સૂક્ષ્મ વાસનાઓ !
હટો ! હટોજી ! હું પણ સૂક્ષ્મ આત્મા છું,
સ્થૂળ માનીને રખે ફસાતા, રે ! ઠગાતા !

* * *

મારાં મૃદુ હૈયામાં અહિંસાનું અમૃત છે.

મારા વજ્રહૈયામાં મારી પોતાની પર
'ઑપરેશન' કરવાની ક્રૂરતા પણ છે.
આ ક્રૂરતા ને કોમળતા :
મારા 'શત્રુંજય' પથના બે સોપાનો છે !
હું તો છું મહા-વીર પુત્ર !
હું ક્ષત્રિયનો વારસ છું–પણ,
આશાભર્યા જીવોના જીવનસઢને ચીરવા નહીં,
પરંતુ ચીરેલાને સાંધવા માટે જ ક્ષત્રીય છું—
મારો એજ ક્ષાત્રિયધર્મ છે.
શત્રુમાંય સદા દિવ્યતા હું દેખું છું.
પાપીને નહીં, પણ 'પાપ'ને હું ધિક્કારું છું.

* * *

સાત્વિક-વૃત્તિમાં સદાય જાગતા રહી

તુચ્છતાને દેખી હું દયા ખાઉં છું.

'અહં'ના દ્વાર બંધ કરી
દિવ્યજ્ઞાનના દુરબીનથી સૌને હું નિહાળું છું.
આ દેખાતી અગાધ શાંતિમાંથી—
Voice of Silence મૌન—દિવ્યધ્વનિ
હું સદાય સાંભળું છું. સાંભળ્યા કરીશ !

* * *

મૃત્યુ ભલે રાખ ફેંકી ઉડાડે,
પણ સત્યમાર્ગથી હું ચળું નહીં,
સ્વતંત્રતા એવી ચહું કે
જ્યાં ભીતિ કે ભ્રમણા નહીં;
પ્રકાશના પુંજોમાં બસ !
'પ્રકાશ' થઇ હું મળી જાઉં ! વાહ ! કેવી મજા !

* * *

આત્માની મસ્તાનીઓ હું ખેલીશ,
ને જગતને એ ખેલમાં નિરંતર નોતરીશ.
મારા ચ્હેરા ને તેજસ્વી કાર્યો પરથીજ
સુંદર 'શાસ્ત્રો' હું જગતમાં જન્માવીશ,
કે અનંતા યુગો સુધી

એ મ્હેરાને સૌ 'ભણ્યા' કરે,
તે શાસ્ત્રમાંથી સૌ અમૃત બહુ પીધાં કરે,
ને નવજીવનનું ગાન ગાતા ફરે!

* * *

જીભ કરતાં આંખથીજ

ઘણાય કામો હું આટોપીશ.
અને સૂતેલાને 'મૌન' સંકેતથી જગાડીશ.
કારણ—અમુક ભૂમિકા પછી
શબ્દો ને ઉપદેશ, એ મારે મન
જંજાળ હશે!
ખોટી મોટાઇ, દંભભર્યો વિવેક,
ને નકામી ધમાલો! દૂર હો! દૂર હો!
જગતનું તમે ખૂબ બગાડયું છે,
'Show' બાહ્ય દેખાવ કરવામાં દુનિઆએ
ઉંધુ ઘાલીને તમને આડી અવળી વાપરી છે.
તો દૂર હો! કૃપા કરી, દૂર હો!

* * *

જ્ઞાનના ગરવા શિખર પર ઉભા રહી
દુનિયા સાથે હું વાત કરીશ,
શાંતિ ને મધુરતાના એ મંદિરે
દર્શન કરવા મૌન સંકેતથી સૌને બોલાવીશ.
થોડું ખાઇને, ખૂબ પચાવીશ.
અતિજ્ઞાનના અપચા કરતાં–
થોડું ખાઇને માનવતા હું કેળવીશ.
'મનુષ્યત્વ'નું અપમાન—
એ એકજ વસ્તુ મારાથી સહન નહીં થાય!

* * *

આવેશ ને લાગણી મારાં પાળેલાં કુતરાં છે.
સ્વભાવ પર કાબુ
એ તો મારો અનંત ખેલ છે.
'વ્યવહારપણા' ના વર્તન કરતાં
આદર્શનું ગુમાન–ખાનદાન ગુમાન
હું સદાય જાગૃત રાખીશ,
નવો પ્રાણ, નવી શકિત, અમૃતભર્યા વિચાર,
ને સંતોષભરી જીંદગીના
મધુરા શ્વાસ અહર્નિશ હું ખેંચીશ:

આત્મા, વ્યક્તિ, સમાજ કે ધર્મ,
રાષ્ટ્ર ને વિશ્વની પરતંત્રતા
ફોડવા હું સર્વસ્વ ત્યાગી છૂટીશ.
વ્યક્તિસ્વાતંત્ર્ય સારૂં હું વિલાસો તજીશ.
સમાજ-ધર્મ કાજે ભવ્ય તપશ્ચર્યા કરીશ.
રાષ્ટ્ર તે વિશ્વના સુખો માટે
સ્વર્ગના સુખો હું વિસારીશ !
બદ્ધને મુક્તિ આપવી એજ મારો ધર્મ છે.
ધર્મ પાળતાં, જીવનને કુરબાનીથી, આનંદથી,
દયા, ક્ષમા, પ્રેમ ને સૌજન્યથી અજવાળીશ.
નિયમિત જડત્વને બદલે
રસમય ચૈતન્ય હું મ્હાણીશ. ચેતન ! ચેતન !
મારા જીવનની,
મારા વિચારોની,
મારા કાર્યોની—
આટલી આટલી પવિત્ર ભાવનાઓમાં
જે જે અપૂર્ણતા હોય,
તેને 'પૂર્ણ' કરવાને ભગીરથ તપ હું આદરીશ.
આત્મા, મારા શરીરમાં નથી, પણ
મારી ભાવનામાં—મારા હૃદયમાં—

મારી 'વિચારસૃષ્ટિ'માં વિરાજે છે.......
એ જ્ઞાન હું ઘુંટી ઘુંટીને રાખીશ.
ભાવના કે વિચારોને નબળાં કરી
આત્માને હરગીજ હું નહીં અભડાવું !
મારો આત્મા પવિત્ર છે.
વિશ્વના હરેક ભાગો પવિત્ર છે.
મ્હારી દ્રષ્ટિ પરમ પવિત્ર છે.
હું દિવ્ય છું,
હું મહાન્ છું,
જગતની ચેતનભરી શાંતિનો–જ્યોતિનો હું ચાહક છું.
'વિશ્વનું કલ્યાણ થાય'—
એ મારી પ્રતિપળે જાગૃત ભાવના છે.
ઓ આત્મ સ્વરૂપો ! અહા કેવો આનંદ છે !

* * *

મ્હારા મધુર સ્વરૂપો !
પધારો ! 'અંદરના' મંદિરના ઉંડાણમાં—
આપણેજ આપણા દેવ થઇએ:
આપણેજ આપણા શિક્ષા–'ગુરૂ' થઇએ,
ને મોક્ષમાર્ગના સાચા ભોમીયા થઇ

સૌ જગતજીવોને તેજસ્વી પ્રકાશ બતાવીએ!

*　*　*

ચાલો! એ માનવ પ્રભુઓ!

આપણે દિવ્યતાને પંથે!
ચાલો, સૌ સાથે જ વિચરીયે.
વિવિધ પ્રકૃતિના દેખાતા વિરોધી
સ્વભાવો ને વિરોધી કાર્યો, એ બીજું કાંઇજ નથી.
પણ આપણાં એક બીજાનાંજ વાવેલાં ફળો છે.
આપણી સૌની પ્રકૃતિનું કેન્દ્ર એકજ છે,
સૌનું સુકાન એક જ
એકજ—એકજ આત્માના હાથમાં છે.
તે તમે ને હું—આત્મા! પરમાત્મા!
આજસુધી અફસોસ કરી કરીને પોતાની
પામરતાના ગીતડાં આપણે
ઘણાં ગાયા, ઘણા ગાયા, ગાઇ ગાઈને ભૂલ્યા!
ઘણું ભૂલ્યા!
ભૂલીને પરિણામે
આપણે આપણી ઉછાળા મારતી ભવ્ય
આત્મશક્તિઓને ખોઇ નાંખી, રે! વિસારી!

*　*　*

પરવા નહિ !

ચાલો ! ભુલ્યા ત્યાંથી ફરી !

જાગ્યા ત્યારથી સવાર !

આપણે દિવ્યમાર્ગના મુસાફરો છીએ,
એ ભૂલશો ના !

જગતમાં સૌનું કલ્યાણ થાવ ! એજ
આપણી ભાવના હો !

અને વિશ્વના પેટમાંથી અમી–જળના
ફૂવારાઓ સદાય ઉડતા રહો !
આપણે પ્રેમથી પાન કરીએ !

ॐ चिदानंद ! परमानंद !

ॐ अर्हम्

બંસીનું

ચે....ત....ન

પત્ર

જરૂર વાંચશો.

થોડા સમયમાં **બહાર પડશે !**

*

એ ચેતન એટલે શું ?

નવલોહીયા જૈનોનું તાજું,

ને સ્વતંત્ર પત્ર :

જીવનમાં રસ કળા ને ચેતન

રેલાવતું એક તેજસ્વી પત્ર :

દરેક જૈનોનાં ઘેર ઘેર વંચાવું જોઇએ !

'ચેતન' નો સંદેશ

યુવકોનાં હૈયે હૈયે પહોંચવો જોઇએ !

*

વર્તમાન વિખવાદો ને વિષભરી ચર્ચાઓથી

સદાય નિર્લેપ રહી

નદ્દન નવાજ રૂપરંગથી, નવનવા ભાવોથી,

તેજસ્વી વિચારો ને સુંદર પ્રેરણાથી છલકાતું,

સમાજમાં ચોમેર ચેતન-ગંગા રેલાવતું

એ નવિન પત્ર

તમારા પવિત્ર આત્માને આનંદ આપશે !
તમારી ભીતરમાં પોઢેલા ચેતનને જગાવશે !
ભાવનાઓનાં રાજ્યમાં લઈ જઈ આપને અમીજળ પાશે !

અને તમારો દિવ્ય આત્મા

જેને માટે હરનિશ ઝંખે છે: તલ્પે છે એ પ્યારી મૂક્તિ:
મોક્ષ, કે સ્વાતંત્ર્યની સાચી પ્યાસ તમારામાં જગાવશે !
જીવન જીવવાની કળા શીખવશે ! ખીલવશે !

'ચેતન' તમારો ગુરૂ નહિં
પણ દીલોજાન દોસ્ત બનશે !

તમારા દિલની અશાન્તિને શાન્તિનાં પાન કરાવશે !
તમારી ભાવનાઓને પવિત્રતાનો ઓપ આપશે !

અરે !

વર્તમાન જૈનોનાં હરી ગયેલાં યૌવનમાં

'ચેતન'

ચેતનની ઉષ્મા ઉતારશે !

નવયુગનાં પ્રત્યેક જૈન યુવક અને યુવતિએ,
ચેતનનાં અમૃત પીવાં જોઇએ !
જોયા ! કેટલાં જૈનો આજે ચેતન માટે ઝંખી રહ્યાં છે !
આપનું શુભ નામ નોંધાવશો ?—

લખો:— **"ચેતન" ઓફીસ:**
બ્યાવર.

લેખક :

શ્રી બંસીનાં

બીજાં પુસ્તકો :

⁂

આપ વાંચી લેજો !

*

આદર્શ સાધુ

આદર્શ સાધુ કેવાં હોઇ શકે તેનું સુરેખ ને સુંદર શબ્દચિત્ર : કિંમત ચાર આના.

આત્મવીરની કથાઓ

જૈનોની ૨૪ રસિક વાર્તાઓ : કિંમત ચાર આના

જૈનોનાં મહાન રત્નો !

ત્રણ મહાપુરૂષોનાં તેજસ્વી ચરિત્રો : કિંમત એક રૂપીયો : પ્રગટ થઇ ચૂક્યાં છે !

સાચો જૈન !

સાચો જૈન તેજ હોય કે
જેના દિલમાં,
ચિત્તમાં, હૈયામાં
અંગે અંગમાં રમી રહી હોય
સારી પેઠે નિર્ભયતા—નિર્ભયતા !
નસે નસમાં
રગે રગમાં
રોમે રોમ
વહેતું હોય—દોડતું હોય
ગરમા ગરમ લોહી
જીતવાની ખુમારીનું !

•

ઉત્સાહ ને સાહસથી જે થનગનતો હોય,
ભાવના ને મહત્વાકાંક્ષાની પાંખો પર ઉડતો હોય
અને
હૃદયમાં ચેતનનાં જ્વલંત તણખા ઝરી
સ્વાતંત્ર્ય !
એક સ્વાતંત્ર્યનો આતશ જલતો રાખી
કે
વિશ્વમાં વિશાળ દિલે ઠામઠામ
ભમવા મ્હાલતો વિચરતો હોય
તેજ સાચો જૈન :